સુવિચાર
''આપણે હિંમત એવી રાખવી જોઈએ કે, પરિસ્થિતિ સામેથી આવીને આપણાં તાબે થઈ જાય.''
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૧/૧૧/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ્ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું. : વિક્રમ સંવંત ૨૦૮૨ કારતક વદ-૭ વર્ષ : ૧૬ અંક : ૨૭૮

## ''અમરેલી એક્સપ્રેસ''માં અહેવાલ પ્રસિદ્ધ થતાં ધારાસભ્ય કસવાલાની રજુઆત

# સાવરકુંડલાનાં હાથસણી માર્ગનાં કથિત ભ્રષ્ટાચારની તપાસ કરો

**૭ નવેમ્બરનાં અંકમાં સચિત્ર અહેવાલ પ્રસિદ્ધ થતાં ધારાસભ્યએ કાર્યપાલક ઈજનેરને પત્ર પાઠવ્યો**

**માર્ગમાં ભ્રષ્ટાચાર ચાલતો હોવાની ફરિયાદ ભાજપ અગ્રણી રામદેવસિંહ ગોહિલે કરી હતી**

**જો કે માર્ગ-મકાન વિભાગ દ્વારા પ્રાથમિક તપાસ શરૂ કરવામાં આવી છે**

**તટસ્થ તપાસ થાય છે કે પછી પ્રકરણ ભીનું સંકેલાઈ છે તેના પર સૌની નજર**

અમરેલી, તા. ૧૦

સાવરકુંડલાનાં હાથસણી માર્ગની મરામતમાં વ્યાપક પ્રમાણમાં ગેરરીતિ થઈ હોવાનો આક્ષેપ કરીને ભાજપ અગ્રણી રામદેવસિંહ ગોહિલે ઉચ્ચકક્ષાએ પત્ર પાઠવીને તપાસની માંગ કર્યાનો સચિત્ર અહેવાલ ''અમરેલી એક્સપ્રેસ'' માં ૭ નવેમ્બરનાં રોજ પ્રસિદ્ધ થયેલ. જેને લઈને ધારાસભ્ય મહેશ કસવાલાએ પણ પ્રેસ કટિંગ સાથે માર્ગ-મકાન વિભાગનાં કાર્યપાલક ઈજનેરને પત્ર પાઠવીને તટસ્થ તપાસની માંગ કરી છે.


પ્રમાણિક વ્યકિતને બે છેડા માંડ ભેગા થાય ને ભ્રષ્ટાચારીઓને ઘી-કેળા
હે રામ : સાવરકુંડલામાં માર્ગની મરામતમાં લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર ?

દરમિયાનમાં માર્ગ-મકાન વિભાગ ધ્વારા અધિકારીઓની ટીમને સ્થળે મોકલીને સમગ્ર પ્રકરણની તપાસ શરૂ કરાવી હોય સમગ્ર બાબતને લઈને દૂધનું દૂધને પાણીનું પાણી થાય છે કે રાબેતા મુજબ પ્રકરણ ભીનુ સંકેલાઈ છે તેના ૨ સૌની નજર મંડાયેલી છે.

## જો દેવા માફ ન થાય તો ચૂંટણીનો બહિષ્કાર કરવાના શપથ લીધા

# સાવરકુંડલાનાં ભમ્મર ગામનાં ખેડૂતોએ સરકાર દ્વારા જાહેર થયેલ ૧૦ હજાર કરોડનાં રાહત પેકેજનો કર્યો વિરોધ

**ખેડૂતો અવનવી કુદરતી આફતોથી દેવાદાર બન્યા હોય દેવુ માફ થવું જરૂરી**



અમરેલી, તા. ૧૦

સાવરકુંડલાનાં ભમ્મર ગામનાં ખેડૂતોએ રાજય સરકારે તાજેતરમાં જાહેર કરેલ રૂપિયા ૧૦ હજાર કરોડની કૃષિ સહાય પેકેજનો વિરોધ કર્યો છે અને ખેડૂતોની દેવા માફીની માંગ કરી હતી અને ચૂંટણીનાં બહિષ્કારની ચીમકી આપી હતી. અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદથી ખેતીપાકોને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. અર્ધો અર્ધ ખેડૂતો આર્થિક દેવામાં ડૂબેલા છે. તેવા સમયે રાજય સરકારે પ્રતિ હેકટર ૨૨ હજાર અને ૨ હેકટરની મર્યાદામાં ૪૪ હજારની સહાય કરવાની જે જાહેરાત કરેલ છે તે અપુરતી હોવાથી ખેડૂતોએ સહાયનો વિરોધ કરીને ખેડૂતોનાં પાક ધિરાણનાં દેવા માફ કરવાની માંગ કરેલ છે.

### ઝોલાપુરી નદીમાં પગ લસી જતાં પડી જતાં

# રાજુલાનાં બાબરીયાધારનાં વૃધ્ધનું પાણીમાં ડૂબી જવાથી મોત નિપજયુ

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૧૦

રાજુલા તાલુકાના બાબરીયાધાર ગામે રહેતા કાંતીલાલ ઉર્ફે કાનદાસ શાંતીરામ દાણીધારીયા નામના ૭૧ વર્ષીય વૃધ્ધ ગત તા. ૯ના સાંજના આશરે છ એક વાગ્યાના અરસામાં બાબરીયાધાર તથા અમુલી ગામની વચ્ચે ઝોલાપરી નદીમાં પગ લપસતા પડી જતાં વૃધ્ધનું પાણીમાં ડુબી જવાથી મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### સુરત સ્થિત આંબા ગામનું દંપત્તિ બાઈકમાં પસાર થતું હોય

# લીલીયાથી અંટાળીયા માર્ગ ઉપર વાહન અકસ્માતમાં પતિની નજર સામે પત્નીનું મોત

**એસ.ટી. બસ અથડાતા અકસ્માત સર્જાયો**

અમરેલી, તા. ૧૦

લીલીયા તાલુકાના આંબા ગામના વતની અને હાલ સુરત રહેતું એક દંપતિ ગઈકાલે સાંજના સમયે મોટર સાયકલ ઉપર ગઢડા (સ્વામી) થી લીલીયા તરફ આવતા હોય. તે દરમ્યાન લીલીયા તાલુકાના અંટાળીયા ગામથી લીલીયા તરફ રોડ ઉપર આવેલ નાળા પાસે પહોંચતા પાછળથી એક સરકારી એસ.ટી. બસે મોટર સાયકલને બસની પાછળના ભાગે અથડાવી દેતા મોટર સાયકલની પાછળ બેઠેલા મહિલાને શરીરે ગંભીર ઈજાઓ કરી પતિની નજર સામે જ પત્નીનું મોત નિપજાવી દીધાની એસ.ટી.ના ચાલક સામે પતિએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે



ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

સુરત ગામે આવેલ તિરૂપતિ સોસાયટીના વિભાગ-૧ યોગીચોક,

અનુસંધાન પાના ૬ ઉપર

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

### કમોસમી વરસાદ બાદ ઠંડીનો થયો પ્રારંભ

# શુભ શરૂઆત : અમરેલીમાં ચાલુ મોસમમાં સૌપ્રથમ તાપમાન ૧૫ ડીગ્રીથી નીચે આવ્યું

**જનતા જનાર્દને ગુલાબી ઠંડીનો કર્યો અનુભવ**

અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લામાં દિવાળી પછી પડેલા ભારે કમોસમી વરસાદ બાદ હવે શિયાળાની શરૂઆત થવા પામેલ છે. ત્યારે અમરેલીમાં આજે સૌ પ્રથમ વખત તાપમાન ૧૫ ડિગ્રીથી નીચે આવી જતાં લોકોએ પ્રથમ વખત આજે ચાલું શિયાળ ામાં ગુલાબી ઠંડીનો અનુભવ કર્યો હતો.

ગત તા. ૬ તથા ૭ના રોજથી સ્કૂલ તથા વેકેશન પુરા થયા છે. અને બાળકો તથા યુવાનો સ્કૂલ તના વેકેશન જતાં થયા છે. ત્યારે આજની ગુલાબી ઠંડીમાં બાળકો પણ નવા નવા રંગબેરંગી ગરમ કપડાં પહેરી સવાર સવારમાં સ્કૂલ જવા



જોતાં મળ્યા હતા. તો બીજી તરફ સવારે મોર્નિંગ વોકમાં નીકળેલા લોકોએ પણ શિયાળાની પ્રથમ ઠંડીની મોજ માણતા જોવા મળ્યા હતા.

તાજેતરમાં કમોસમી વરસાદ બાદ ખેડૂતોના પ્રશ્નને લઈ અમરેલીનું રાજકારણ ગરમાયું છે. ત્યારે શિયાળાની ઠંડીમાં રાત્રે લોકો તાપણાં કરી કડકતી ઠંડીમાં ગરમાગરમ ચર્ચાઓ થઈ

અનુસંધાન પાના ૬ ઉપર

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૧૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ફ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) — દિવસ માટે - ૨ (લેડીઝ), રાત્રી માટે - ૧ (જેન્ટસ/લેડીઝ)
નર્સિંગ સ્ટાફ (GNM/ANM) — દિવસ માટે - ૪ (લેડીઝ), રાત્રી માટે - ૪ (લેડીઝ)
નર્સિંગ આસિસ્ટંટ (લેડીઝ) — દિવસ માટે - ૨, રાત્રી માટે - ૨
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
ઈનામોની વણઝાર
રૂા. ૧૦,૦૦૦ કે તેથી વધુ સોના-ચાંદીના દાગીનાની ખરીદી કરો અને મેળવોલાખોની ઈનામો જીતવાની તક...
તા. ૦૧ જુન ૨૦૨૫ થી તા. ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ સુધી
63 56 56 00 00
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
MO.96018 98981

### અમરેલી જિલ્લામાં ટેકાના ભાવે મગફળી ખરીદીનો થયેલો પ્રારંભ

# મગફળીના બજાર ભાવ કરતા વધુ ભાવે ટેકાની ખરીદી શરૂ કરતાં ખેડૂતોએ રાજીપો વ્યક્ત કર્યો

### પ્રાંત અધિકારીની ઉપસ્થિતિમાં ખરીદીનો પ્રારંભ



અમરેલી, તા. ૧૦

રાજયસરકારદ્વારાખેડૂતોને રાહતઆપવાનાહેતુથીપ્રતિવર્ષટેકાના ભાવે કૃષિ જણશોની ખરીદી કરવામાં આવી રહી છે. આ વર્ષે રાજય સરકાર દ્વારા કેન્દ્ર સરકારના માધ્યમથી મગફળી, સોયાબીન, મગઅનેઅડદની ટેકાનાભાવેખરીદીનોપ્રારંભ કરવામાં આવ્યોછે.અમરેલીજિલ્લાના૧૩સેન્ટરો પૈકી અમરેલી જિલ્લામાં બાબરા, બગસરા,ધારી,રાજુલાઅનેસાવરકુંડલા એમ કુલ પાંચ કેન્દ્રો ખાતે ટેકાના ભાવે મગફળીની ખરીદીનો શુભારંભ થયો હતો.

ધારી ખેડૂત કૃષિ ઉત્પાદક અને પ્રોસેસિંગ સહકારી મંડળી (એફ.પી.ઓ.) દ્વારાપ્રાંતઅધિકારીની ઉપસ્થિતિમાંશ્રીફળવધેરીટેકાનાભાવે મગફળીનીખરીદીનીશરૂઆતકરવામાં આવી હતી.

ગુજકોમાસોલના ગ્રેડરની ઉપસ્થિતિમાં રાજય સરકારના દિશા નિર્દેશો અનુરૂપ ખેડૂતોની મગફળીની ખરીદીનીશરૂઆતકરવામાંઆવીહતી. આ અંગે મંડળીના સંચાલક ભાવના ગોંડલીયાએ જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા આ વર્ષે ટેકાના ભાવે મગફળીની ખરીદીનો પ્રતિ મણ ભાવ રૂપિયા ૧,૪૫૨ જાહેર કરવામાં આવ્યો છે. એક ખેડૂત પાસેથી ૧૨૫ મણની મર્યાદામાં મગફળીની ખરીદી કરવામાં આવશે. ધારીખાતે ૧૧,૦૦૦ખેડૂતોએ ટેકાના ભાવે વેચાણ કરવા માટે રજિસ્ટ્રેશન કરાવ્યું છે. ટેકાના ભાવની ખરીદીનીજાણથતાપ્રથમદિવસેઆવેલા ખેડૂતોને ગ્રેડિંગ કરી અને શુભ મુહૂર્તમાં મગફળીખરીદવામાંઆવીછે.

તેમણે ઉમેર્યુ કે, ગત વર્ષે મંડળી દ્વારા રૂપિયા ૫૬ કરોડની મગફળીનીખરીદીકરવામાંઆવીહતી. સરકારેજાહેરકરેલોટેકાનોભાવબજાર ભાવ કરતા વધુ હોવાથી ખેડૂતોને ટોચ મર્યાદાનીખરીદીથીઅંદાજિતપોણાબે લાખરૂપિયામળીશકશે.

આ પ્રસંગે ધારી પ્રાંત અધિકારી જાડેજાએ જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા દિશાનિર્દેશો મુજબ ગુણવત્તા યુકત મગફળીની ખરીદી કરવામાં આવશે. ટેકાના ભાવે જતી ખરીદી સંપૂર્ણપણેપારદર્શકમાહોલમાંથાયઅને ખેડૂતોને પૂરતો લાભ મળે તે પ્રકારે વ્યવસ્થાગોઠવવામાંઆવીછે.

ઉલ્લેખનીય છે કે, રાજય સરકારદ્વારાશરૂકરવામાંઆવેલાટેકાના ભાવની ખરીદીના પ્રારંભથી અમરેલી જિલ્લાના ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ કાર્યક્રમમાં મંડળીના હોદ્દેદારો ખેડૂતો અને એ.પી.એમ.સી.ના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ભાજપ સરકારે પાપ કર્યાનો કોંગ્રેસનો આક્ષેપ

# લ્યો બોલો : રાજયમાં ૧૦૭૫ શાળા અને ૨૯૫ કોલેજોમાં કેરીયર કોર્નરને તાળા મરાશે

### સરકાર અવિચારી નિર્ણય પરત ખેંચે તેવી માંગ

અમદાવાદ, તા. ૧૦

રાજયની શાળા, કોલેજોમાં કારકિર્દી માર્ગદશન વ્યવસ્થાને ખંભાતી તાળા મારતી ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા એનએસયુઆઈનાં પૂર્વ રાષ્ટ્રીયસંયોજકભાવિકસોલંકીએજણાવ્યું હતુંકેસરકારદ્વારાશાળાઓઅનેકોલેજોમાં કેરિયર કોર્નર વર્ષોથી કાર્યરત હતા. કેરિયરકોર્નરથીવિદ્યાર્થીઓનેભવિષ્યમાં શું કરવું? કયાવિકલ્પોઉપલબ્ધછે? કયા કામમાંકેવીતકછે? કઈ કૌશલ્યનીજરૂર છે ? વિવિધ કોર્સો–અભ્યાસક્રમ અંગે યોગ્ય કેરિયર માર્ગદર્શન અને રોજગાર માહિતી મળી રહેતી હતી. શ્રમ અને રોજગારવિભાગેશાળાનેપરિપત્રકરીને રાજયની ૧૦૭૫ શાળા અને ૨૯૫ કોલેજોમાંચાલતાકેરીયરકોર્નરનેખંભાતી તાળામારવાનોનિર્ણયકર્યોછેજેનાથીબાળ કોને કારકિર્દી વિકલ્પ પસંદ કરવાથી વંચિતરખાવનીપાપભાજપસરકારકરી રહી છે. રાજયની સરકારી શાળાઓમાં ૪૦,૦૦૦જેટલીશિક્ષકોનીજગ્યાલાંબા સમયથી ખાલી છે. જેનાથી શિક્ષણ અને રોજગાર, કારકિર્દી માર્ગદર્શનથી વંચિત રહે તે દિશામાં સરકારનું સ્પષ્ટ પગલું છે.

કારકિર્દી માર્ગદર્શન યોજનાનું મુખ્ય હેતુ ગામડા અને અંતરિયાળ વિસ્તારોના વિદ્યાર્થીઓને કેરિયર ગાઈડન્સ ઉપલબ્ધ કરાવવું. વિદ્યાર્થીઓને અભ્યાસ, કૌશલ્ય, રોજગાર સુધીનો માર્ગ સમજાવવો. શાળા–કોલેજમાં કેરિયર જાગૃતિ ઊભી કરવી. શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા રાજયમાં શાળાઓમાં ૧૭૦૫, કોલેજમાં ૨૯૫ એમ કુલ ૨૦૦૦ જેટલા કેરિયર કોર્નર હતા. જે સરકારનાં એક નિર્ણયથી તાળા લાગી ગયા છે. જેના લીધે વિવિધ કેરિયર વિકલ્પોની માહિતી વોકેશનલ કોર્સની માહિતી, ટેક્નિકલ ટ્રેઈનિંગ અંગેની માહિતી વગેરેથી ગુજરાતનો યુવાન વંચિત રહેશે. સમગ્ર ગુજરાતમાં ખાસ કરીને ગ્રામ વિસ્તારની શાળા, કોલેજોનાં કેરિયર કોર્નર પર ખંભાતી તાળા મારવાનો અવિચારી નિર્ણય તાત્કાલિક પરત ખેચવામાં આવે તેવી એન.એસ.યુઆઈ.નાં પૂર્વ રાષ્ટ્રીય સંયોજક ભાવિક સોલંકીએ મુખ્યમંત્રી સમક્ષ માંગ કરી છે.

### ધારાસભ્ય મહેશ કસવાલાની વિશેષ ઉપસ્થિતિમાં

# સાવરકુંડલાની વી.ડી. કાણકીયા કોલેજ ખાતે ''રાષ્ટ્રગીત વંદે માતરમ્''નું સમુહગાન યોજાયુ

### વંદે માતરમ્ માત્ર ગીત નથી, રાષ્ટ્રભાવના એકતા અને ત્યાગનું અમર પ્રતિક છે : ધારાસભ્ય

સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલા : ભારતની આઝાદીની ચળવળના પ્રેરણાસ્રોત અને રાષ્ટ્રભાવનાના પ્રતીક એવા રાષ્ટ્રગીત 'વંદે માતરમ'ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરની સાવરકુંડલાની પવિત્ર ધરતી પર ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ નિમિત્તે, વી.ડી. કાણકીયા કોલેજ ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ રાષ્ટ્રીય ઉત્સવમાં સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી, જેમણે કોલેજના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અન્ય મહાનુભાવો સાથે મળીને રાષ્ટ્રગીતનું સમૂહગાન કર્યુ હતું.

આ કાર્યક્રમ દરમિયાન, ધારાસભ્યએ જણાવ્યું હતું કે 'વંદે માતરમ્' માત્ર એક ગીત નથી, પરંતુ તે રાષ્ટ્રભાવના, એકતા અને ત્યાગનું અમર પ્રતીક છે. આ ગીતના પ્રત્યેક શબ્દમાં માતૃભૂમિ પ્રત્યેની અખંડ ભકિત અને દેશને સ્વદેશી ચેતનાથી ઊર્જિત કરનાર પ્રેરક સંદેશ સમાયેલો છે.

ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ આ અવસરને યાદગાર બનાવતા, યુવાનોને 'વંદે માતરમ'ના મૂળ ભાવને સમજીને રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં સહભાગી થવા માટે આહ્વાન કર્યુ હતું. તેમણે જણાવ્યું હતું કે, આ ગીતે લાખો સ્વાતંત્ર્ય સેનાનીઓને દેશ માટે સર્વસ્વ ન્યોછાવર કરવાની પ્રેરણા આપી હતી અને આજે પણ તે આપણી રાષ્ટ્રીય એકતાનો આધારસ્તંભ છે. આ સમગ્ર કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ લોકોએ ઉત્સાહભેર સમૂહગાનમાં ભાગ લીધો હતો, જેનાથી કોલેજનું વાતાવરણ દેશભકિતની ઉષ્માથી ભરાઈ ગયું હતું. આ ઉજવણીએ નવી પેઢીને દેશના મહાન વારસા અને સ્વાતંત્ર્ય સંગ્રામના મૂલ્યોથી પરિચિત કરાવવાનું સુંદર કાર્ય કર્યુ.

## શાખાનાં પુષ્પો

મહાભારતનું યુદ્ધ ચાલી રહ્યું હતું. એ સમયે કેરવ પક્ષથી લડી રહેલા પિતામહ ભીષ્મ અને પાંડવ પક્ષે રહેલા અર્જુન બન્ને યુદ્ધમાં સામ સામે આવ્યા. અર્જુને પ્રથમ પાંચ તીર માર્યા જે, ભીષ્મ પિતામહના પગ તરફ આવ્યાં. આ જોઈ ભીષ્મ પિતામહના સારથીને આશ્ચર્ય થયું કે, અર્જુન જેવા વીર ધનુર્ધારીના અમોઘ બાણ ભીષ્મ પિતામહની છાતીમાં વાગવાના બદલે પગમાં કેમ આવ્યાં? શું અર્જુન નિશાન ચૂકી ગયો હશે? આ વાત તેણે ભીષ્મ પિતામહને પુછતાં ભીષ્મ પિતામહે ઉત્તર આપતા કહ્યું કે, ''મારો પ્રિય અર્જુન મારા આશિર્વાદ લેવા માટે તેનાં પ્રથમ પાંચ તીરથી મને પ્રણામ કરી રહ્યો છે.''

**સોડમ :** સંજોગોવસાત આપણા વડિલો સાથે આપણે મતભેદ થઈ જાય તો પણ તેના તરફ સન્માનનીય વર્તન રાખવું જોઈએ.

રજુઆત : શ્રી અર્જુન ગઢિયા
રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો

# બગસરામાં બાનવાસાહ બાપુના ૭૨માં ઉર્ષની ઉજવણી



બગસરા, તા. ૧૦

બગસરામાં બાનવાસાહ બાપુના ૭૨માં ઉર્સની ઉજવણી ધામ ધુમ પૂર્વક કરાવવામાં આવી હતી. બગસરાના હઝરત ડાંગીયા પીર સરકારના ખાદીમાં હજરત બાનવાશાહ સરકારના ૭૨ ઉર્સની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તમામ હિન્દુ મુસ્લિમ બિરાદરોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી અને ઉર્સનો લાભ લીધો હતો.

# લીલીયા મોટા : મંદિરના સાધુ સંતો ટ્રસ્ટીઓ સાથે બેઠક યોજતા પી.આઇ. સાળુકે




લીલીયા મોટા, તા. ૧૦

લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ.એમ.ડી. સાળુંકેની અધ્યક્ષતામાં લીલીયા તાલુકાના આવેલ ગામોના મંદિરો ખાતે પૂજા કરતા પૂજારીઓ તથા સાધુસંતો તથા ટ્રસ્ટીઓ અને ગામ આગેવાનો સાથે લીલીયા પોલીસ સ્ટેશન ખાતે મિટિંગનું આયોજન કરવામાં આવેલ તેમાં ગામોના મંદિરોની સુરક્ષા તેમજ મંદિરોમાં રહેલ દાગીનાઓ મંદિરોમાં રાત્રિ સમય દરમ્યાન નહીં રાખવા તેમજ ઘરેણાં કોઈ બેંક અથવા સુરક્ષિત જગ્યાઓમાં રાખવા અને તમામ મંદિરોમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવા અને શકય હોય તો મંદિરોમાં સિક્યોરિટી ગાર્ડ રાખવા અંગે સમજ કરવામાં આવી અને કોઈ પણ પ્રકારની જરૂરિયાત જણાય તો તાત્કાલિક ૧૧૨ જન રક્ષક તથા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા અનુરોધ પી.આઈ. સાળુકે દ્વારા કરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# ૧૧ નવેમ્બર, ''રાષ્ટ્રીય શિક્ષણ દિવસ'' : ભણતર થકી જ શક્ય છે ગણતર, ઘડતર અને જીવનનું ચણતર

અમરેલી, તા. ૧૦

ભારત દર વર્ષે ૧૧ નવેમ્બરનાં રોજ ''રાષ્ટ્રીય શિક્ષણ દિવસ''ની ઉજવણી ભારતનાં પ્રથમ કેન્દ્રીય શિક્ષણ પ્રધાન મૌલાના અબુલ કલામ આઝાદની જન્મજયંતિની ઉજવણી માટે કરે છે. મૌલાના આઝાદનો જન્મ ૧૧ નવેમ્બર, ૧૮૮૮નાં રોજ થયો હતો. આઝાદી પછી ૧૯૫૨માં મૌલાના આઝાદ ઉત્તર પ્રદેશનાં રામપુર જિલ્લામાંથી સાંસદ તરીકે ચૂંટાયા અને ભારતનાં પ્રથમ શિક્ષણ પ્રધાન બન્યા. આઈઆઈટી ખડગપુરની પ્રથમ ભારતીય ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીની સ્થાપના મૌલાના અબુલ કલામ આઝાદે કરી હતી. સ્વતંત્ર ભારતનાં શિક્ષણ પ્રધાન મૌલાના આઝાદે રાષ્ટ્રીય શિક્ષણ પ્રણાલીની રચના કરી. નિઃશુલ્ક પ્રાથમિક શિક્ષણ એ પ્રાથમિક ઉદ્દેશ હતો. મૌલાના આઝાદે એકવાર કહ્યું હતું કે શાળાઓ પ્રયોગશાળાઓ છે, જે દેશના ભાવિ નાગરિકોનું ઉત્પાદન કરે છે. સેન્ટ્રલ એડવાઈઝરી બોર્ડ ઓફ એજયુકેશન (સીએબીઈ)ની પ્રથમ બેઠકને સંબોધિત કરતા મૌલાના આઝાદે કહ્યું હતું કે, કોઈપણ સિસ્ટમનો પ્રાથમિક ઉદ્દેશ સંતુલિત મન બનાવવાનો છે કે જેને ગેરમાર્ગે દોરી ન શકાય. આઈઆઈટી ખડ્ગપુર, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) ઉપરાંત, મૌલાના અબુલ કલામ આઝાદ દ્વારા ઓલ ઈન્ડિયા ટેક્નિકલ એજયુકેશનની સ્થાપના પણ કરવામાં આવી હતી. ભારતીય સાંસ્કૃતિક સંબંધો (આઈસીસીઆર), સાહિત્ય અકાદમી, લાલિત કલા અકાદમી, સંગીત નાટક અકાદમી અને કાઉન્સિલની સ્થાપનાનો શ્રેય પણ મૌલાના અબુલ કલામ આઝાદને જાય છે. શિક્ષણ, રાષ્ટ્ર નિર્માણ અને સંસ્થા નિર્માણનાં ક્ષેત્રમાં મૌલાના અબુલ કલામ આઝાદનું પ્રદાન અનુકરણીય છે. તેઓ ભારતમાં શિક્ષણનાં મુખ્ય



આર્કિટેક્ટ છે. તેઓ ૧૯૪૭ થી ૧૯૫૮ દરમિયાન સ્વતંત્ર ભારતના પ્રથમ શિક્ષણ પ્રધાન હતા. ૧૯૯૨માં તેમને ભારતનાં સર્વોચ્ચ નાગરિક સન્માન મરણોત્તર ભારત રત્નથી નવાજવામાં આવ્યા હતા.

કોઈ પણ દેશ માટે શિક્ષણ એ ખુબ જરૂરી બાબત છે. સમાજનું ઘડતર કરનાર અને સમાજને સુરક્ષિત રાખવામાં મોટામાં મોટો ફાળો હોય તો એક શિક્ષકનો છે. આજનો દરેક વિદ્યાર્થી ભવિષ્યનો નાગરિક છે. તે સમગ્ર દેશનો આધાર સ્તંભ છે. તે ઈમારતનો એક પાયો છે. એ પાયાને મજબૂત કરવાનું કામ શિક્ષક કરે છે. તેઓ ઈમારતનું પાકું ચણતર કરી તેને કદી ડગવા દેતા નથી. ભગવાન શ્રીરામ અને શ્રીકૃષ્ણએ પણ શિક્ષા મેળવવા માટે બાળપણમાં પોતાનું ઘર છોડીને વિદ્યા મેળવી અને પોતાનાં જીવનને સાર્થક બનાવ્યુ. આજે લોકો શિક્ષણ પ્રત્યે જાગૃત છે પણ આ ક્ષેત્રમાં હજુ ઘણું કરવાનું બાકી છે. આજનું શિક્ષણ આપણને ભૂતકાળ સાથે જોડે છે, પરંપરા સાથે જોડે છે પરંતુ ભવિષ્ય સાથે બહુ ઓછુ નિસ્બત રાખે છે. ખરેખર તો અત્યારે શું કરવું જોઈએ તેનાં પર પણ શિક્ષણમાં સંશોધન કરવું જરૂરી છે.

–મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨૨૧૯૯૯)

### રાજય સરકારે તાજેતરમાં ૧૦ હજાર કરોડ કર્યા જાહેર

# અમરેલી માર્કેટયાર્ડનાં પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રાએ ખેડુતોના રાહત પેકેજને આવકાર્યુ

### જિલ્લાનાં ખેડુતો વતી રાજય સરકારનો આભાર માન્યો

અમરેલી, તા. ૧૦

કમોસમી વરસાદના મારથી ખેડૂતોને ભારે નુકસાની વેઠવી પડી છે, ત્યારે રાજય સરકારે ખેડૂતોની પડખે રહી ઐતિહાસિક રૂ. ૧૦ હજાર કરોડના સહાય પેકેજ જાહેર કર્યુ છે, જેને અમરેલી એ.પી.એમ.સી.ના પૂર્વ ચેરમેન તથા હાલ ડાયરેક્ટર તરીકે કાર્યરત અને સહકારી અગ્રણી પી.પી. સોજીત્રાએ આવકાર્યુ છે.



તેમણે જણાવ્યું હતું કે, કમોસમી વરસાદ અને માવઠાથી ખેડૂતોને પારાવાર નુકસાની થઈ છે, ત્યારે ખેડૂતોને સહાયરૂપ રાજય સરકારે અત્યાર સુધીનું સેથી મોટું રૂ. ૧૦ હજાર કરોડનું પેકેજ જાહેર કર્યું છે, જે અંતર્ગત ખેડૂતોને ૧ એક્ટર દીઠ ૨૨ હજાર એમ ૨ હેક્ટરની મર્યાદામાં ૪૪ હજારની સહાય મળશે. આ ઉપરાંત રાજય સરકારે રૂ. ૧૫ હજાર કરોડની કૃષિ જણસીઓ ટેકાના ભાવે ખરીદી કરશે. આમ, ખેડૂતોને મદદ મળી રહેશે. તેમણે ખેડૂતો હિતના આ નિર્ણય માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા સહિત રાજય સરકારના મંત્રીમંડળના સૌ સભ્યોનો અમરેલી જિલ્લાના ખેડૂતો વતી આભાર વ્યકત કર્યો હતો.

### સ્થાનિકોની વિશાળ સંખ્યામાં બેઠક યોજાઈ

# લુંધીયા, ભાડેર અને મોણવેલની હદમાં અસામાજિક પ્રવૃત્તિ કરતી ગેંગને પકડવા માંગ

### થોડા દિવસો પૂર્વે ખેડૂત પર કુહાડેથી હુમલો કરેલ

બગસરા, તા. ૧૦

બગસરા તાલુકાના લુંધીયા ગામે ખુબ એક મિટિંગ મળી હતી જેમાં ગામની હદમાં રહી ત્રણ ગામનાં સીમાડામાં અસામાજિક પ્રવૃતિ ગેંગને પકડવા માટે પગલા લેવા માંગ કરવામાં આવી છે.



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

મળેલ માહિતી મુજબ થોડા દિવસો પૂર્વે બગસરા તાલુકાના લૂંધીયા ગામે રહેતા ખેડૂત રમેશભાઈ નાથાભાઈ બાવીસીયા પોતાનાં ખેતરે જઈ રહયા હતા. ત્યારે અજાણ્ય શખ્સો દ્વારા તેના ખેતરમાં બકરા ચરાવવાનાં મુદે ઉગ્ર બોલેચાલી બાદ બકરા ચરાવવાના ઈરાદે આવેલા જીગુડો દેવીપુજક, અને બહાદુર દેવીપુજકે ખેડૂત પર કુહાડીના ઘા મારી હુમલો કર્યો હતો. જોકે નસીબજોગ સમયસર સારવાર મળી જતા ખેડૂત બચી ગયો હતો. પરંતુ હુમલાખોરો દ્વારા અગાઉ અને ખેડૂતો સાથે આવી માથાકુટો કરેલ હોય લુંધીયા ગામમાં ગામમાં ભાડેર તથા મોણવેલ ગામનાં લોકોની મળેલી એક મિટિંગમાં નકકી કરી બગસરા પોલીસને રજુઆત કરવામાં આવી છે કે સુરેન્દ્રનગર વિસ્તારમાંથી અહીં આવી ત્રણ ગામને હેરાન કરતા આ ગેંગના સભ્યો વિરૂધ્ધ આ સામાજિક પ્રવૃતિ કરવા બદલ કડકમાં કડક કાર્યવાહી કરી સજા થાય તેવી માંગ કરેલ છે.

### ધારાસભ્ય જનક તળાવીયાની જહેમતથી

# લાઠી : પાડરશીંગાનાં એપ્રોચ માર્ગનાં રીસર્ફેસિંગ માટે દોઢ કરોડ મંજુર

### સમસ્ત ગામજનોમાં ખૂશીનો માહોલ



અમરેલી, તા. ૧૦

લાઠી–બાબરા પંથકના ધારાસભ્ય જનક તળાવીયાના સઘન પ્રયાસોના ફળ સ્વરૂપે લાઠી તાલુકાના પાડરશીંગા ગામના અગત્યના માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકાર દ્વારા રૂા. ૧.૫૦ કરોડનો માતબર ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ મંજૂરીથી લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ માર્ગ પરના પ્રવાસીઓ અને સ્થાનિકોને મોટી રાહત મળશે.

પાડરશીંગા ગામનો આ રોડ આસપાસના અનેક ગામો માટે મુખ્ય પરિવહન માર્ગ તરીકે સેવા આપે છે. રોડની ખરાબ સ્થિતિને કારણે ગ્રામજનોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડતી હતી. આ સમસ્યા ધારાસભ્ય જનક તળાવીયાના ધ્યાન પર આવતા, તેમણે તાત્કાલિક ધોરણે આ માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકારમાં રજૂઆત કરી હતી.

ધારાસભ્યની રજૂઆતને પગલે માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ રોડના કામ માટે રૂા. ૧.૫૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ગ્રાન્ટ દ્વારા આ એપ્રોચ રોડનું સંપૂર્ણપણે રીસર્ફેસિંગ કરવામાં આવશે, જેનાથી માર્ગની ગુણવત્તા સુધરશે અને વાહન વ્યવહાર સરળ બનશે. ધારાસભ્યએ આ અંગે જણાવ્યું હતું કે, 'લાંબા સમયથી આ રોડની સ્થિતિ ચિંતાજનક હતી, જેના કારણે લોકોને હાલાકી ભોગવવી પડતી હતી. રાજય સરકારે આ રજૂઆતને ધ્યાને લઈ તાત્કાલિક આટલી મોટી રકમ મંજૂર કરી છે, તે બદલ હું મુખ્યમંત્રી અને માર્ગ–મકાન મંત્રીનો આભાર વ્યક્ત કરૂ છું. આ રોડનું કામ પૂર્ણ થવાથી પાડરશીંગા તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોને ઘણો ફાયદો થશે અને તેમનો સમય તથા શ્રમ બચશે.' આ સમાચારથી સમગ્ર પંથકના ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. તેઓએ ધારાસભ્ય જનક તળાવીયાનો આભાર માન્યો હતો અને આ કામગીરી વહેલી તકે શરૂ થાય તેવી આશા વ્યક્ત કરી હતી.

# સાવરકુંડલામાં અબોલ જીવોની સેવા કરતાં સલીમભાઈ ધાનાણી



સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલા ખાતે સેવાકાર્યો માટે જાણીતા અને અબોલ જીવોની ચિંતા કરનાર સેવાભાવી આગેવાન સલીમભાઈ ધાનાણીનો એક પ્રેરણાદાયક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. તાજેતરમાં, સાવરકુંડલામાં એક ગાયને બચ્ચાને જન્મ આપવામાં છેલ્લા બે દિવસથી તકલીફ થઈ રહી હતી અને તે પીડામાં હતી. આ વાતની જાણ થતાં જ સેવાભાવી મુસ્લિમ અગ્રણી સલીમભાઈ સતારભાઈ ધાનાણીએ ક્ષણનો પણ વિલંબ કર્યા વિના તુરંત જ ગૌશાળાના સંચાલકો અને સેવાભાવી કાર્યકરોનો સંપર્ક કર્યો હતો.

ધાનાણીની સમયસૂચકતા અને ત્વરિત મદદને કારણે, ગાયને જરૂરી સહાય મળી શકી અને સફળતાપૂર્વક વાછરડાનો જન્મ થયો હતો. અબોલ જીવની પીડા દૂર થયા બાદ, ધાનાણીએ પોતાના અંગત રસથી ગાય અને તેના નવજાત વાછરડાને સહી–સલામત ગૌશાળા ખાતે મોકલી આપવાની વ્યવસ્થા કરી હતી. વર્ષોથી સેવાના કામો, ગરીબોની મદદ અને અબોલ જીવોની સંભાળ માટે જાણીતા સલીમભાઈ ધાનાણીએ ફરી એકવાર ધર્મ કે સમાજની સીમાઓથી પર જઈને માનવતા અને જીવદયાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરૂ પાડયું છે. તેમનો આ નિઃસ્વાર્થ સેવાભાવ ખરા અર્થમાં પ્રશંસનીય અને અનુકરણીય છે.

## પાલિકાનાં શાસકો શહેરીજનોને સુવિધા આપવામાં નિષ્ફળ સાબિત થયા છે

# દામનગરમાં રખડતા પશુઓ, આડેધડ દબાણથી નારાજગીનો માહોલ

**શહેરીજનો વૈકલ્પિક વ્યવસ્થા ન હોવાથી એકનાં એક પક્ષને સત્તાનું સુકાન સોંપી રહ્યા છે**

**રહેણાંક વિસ્તારોમાં શોપિંગ મોલ, દુકાન કે બાંકડાની આગળની જગ્યા ભાડે અપાતી હોવાની પણ ફરિયાદ**

**શાકભાજીનાં સ્ટોલની હરરાજી થઈ અને કબ્જો આપવા માટે મુહૂર્ત મળતુ નથી**

**પાલિકાનાં પ્રાદેશિક કમિશનરે સ્થળ પરીક્ષણ કરીને સમસ્યાનું નિરાકરણ કરવું જોઈએ**


તસ્વીર : નટુભાઈ ભાતિયા–દામનગર

દામનગર, તા. ૧૦

અમરેલી જિલ્લાની સરહદે આવેલ દામનગર શહેરમાં દિનપ્રતિદિન શહેરીજનોની સુવિધા વધવાને બદલે પરેશાની વધી રહી છે. શહેરીજનો પાસે વિકલ્પ ન હોવાથી વર્ષોથી એકના એક પક્ષને સત્તાનું સુકાન સોંપવું પડતું હોય ચૂંટાયેલ જનપ્રતિનિધિઓને પરાજિત થવાનો ભય ન હોવાથી શહેરીજનોને સુવિધા આપવામાં તેઓ ઉદાસીન રહે છે.

શહેરમાં આજે જાહેર માર્ગો કે શાક માર્કેટ જેવા વિસ્તારોમાં રખડતા પશુઓનાં ટોળા જોવા મળી રહ્યા છે, શોપિંગ સેન્ટર બનાવવામાં તમામ નિયમોનો ઉલાળીયો થાય છે, પાર્કિંગની જગ્યાએ પણ દુકાનો ખડકી દેવાતા હોવાની ફરિયાદ ઉભી થઈ રહી છે.

સૌથી વધુ ચિંતાજનક બાબત એ છે કે રહેણાંક વિસ્તારમાં વગર મંજુરીએ દુકાનો કે મોલ બનાવી દેવામાં આવતાં શહેરીજનોની શાંતિને ખલેલ પહોંચી રહી છે તેમજ દુકાનો આગળની જાહેર માર્ગની જગ્યા પણ અમુક વેપારીઓ ભાડે આપીને કમાણી કરી રહ્યા છે.

આમ, શહેરમાં પાલિકાનાં શાસકોની અણઆવડત અને બેદરકારીનાં લીધે શહેરીજનો અનેક સમસ્યા ભોગવતાં હોય પાલિકા પ્રાદેશિક કમિશનર સ્થળ પરીક્ષણ કરીને શહેરીજનોને વિવિધ પરેશાનીમાંથી બહાર કાઢે તેવી માંગ ઉભી થઈ રહી છે.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ભરત બી. પારેખ - ૯૪૮૮૩ ૪૦૯૩૪

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ભારતમાં સૌથી સારો મેડીક્લેઈમ
મેડીક્લેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઈમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
સંપર્ક : પાર્થ ઈન્વેસ્ટમેન્ટ કેશલેશની સગવડ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઈ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત / પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મળશે. ખજુરની ચટણી સાથે
નારણ આઈસ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

Hero
Bring Home Power, Style & Reliability WITH US
DESTINI
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601

જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
એકાઉન્ટન્ટ..૨
કમ્પ્યુટર ઓપરેટર..૩
હેલ્પર.........૩
માત્ર અનુભવી સંપર્ક કરે
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪ / ૯૪૦૯૯ ૫૨૧૦૪

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL
મારૂતિ સુઝુકી ઓથોરાઈઝડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન રીયલ એસ્ટેટ
ઉપલબ્ધ સુવિધાઓ
મિલ્કત લે - વેચ
રેડી પઝેશન
2 BHK
લોનેબલ ટાઈટલ ક્લિયર
બ્લોક નં. ૩૪૭, ઓમનગર, ચિત્તલ રોડ, અમરેલી.
નવલ મકવાણા
રેરા એપ્રુવ્ડ રીયલ એસ્ટેટ એજન્ટ
95 86 86 2345
ગ્રાઉન્ડ ફ્લોર, વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)

મિલકત તમારી, સુરક્ષા અમારી
ISO
રઘુવીર સિક્યુરીટી એજન્સી
જેન્ટસ સિક્યુરીટી ★
લેડીઝ સિક્યુરીટી ★
લેડીઝ-જેન્ટસ બાઉન્સર ★
તેમજ ગનમેન ★
અમારી સુવિધાઓ:
ઈવેન્ટ, લગ્ન પ્રસંગ, ફંક્શન, ધાર્મિક કાર્યક્રમો, ભાગવત સપ્તાહ, સ્કુલ, હોસ્પિટલ, શો-રૂમ, હોટેલ, રીસોર્ટ, વોટરપાર્ક, ફેક્ટરી, V.I.P. બંગ્લોઝ, ૨૪ કલાક સિક્યુરીટી પ્રોવાઈડ કરી આપશું.
ઓલ ગુજરાત સિક્યુરીટી પ્રોવાઈડ કરી આપીશું...
મો.૯૪૨૯૩ ૧૩૦૪૧
૩૩, સિધ્ધિ વિનાયક કોમ્પ્લેક્ષ, હોટેલ લોર્ડ એન્જલની નીચે, જુના માર્કેટીંગ યાર્ડ, અમરેલી. ૯૧૦૯૦ ૧૫૦૯૧

YAMAHA Revs Your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132
GST BENEFIT ₹12,058* + INSURANCE BENEFIT UP TO ₹6,501*
THANK YOU, GST!
FZ-S Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

HONDA
₹3500 કેશ ડિસ્કાઉન્ટ
Scooter hole hole ACTIVA
Parikh Honda
Opp. Railway Station Road, Station Road, Amreli-365 601 (02792) 226201 / 226202

શું તમે હરસ.મસા. ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
ડૉ. કાજલ બગડા BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilonidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિત્તાશયની પથરીની આયુર્વેદિક સારવાર
૭ વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની ઓપીડી 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણાવાસ હોસ્પિટલ, ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

### પાર્કિંગ પ્રોજેક્ટની બાજુમાં આ હત્યાની ઘટના બની

# ભાભી સાથે પ્રેમ સંબંધની શંકાએ મિત્રને જ ચપ્પુના ઘા મારી કરી હત્યા

### યુવતી સાથે મૃતકની વાતચીત હોવાની શંકાને કારણે ગુસ્સામાં આવી મિત્ર સરદાર ઉર્ફે ચડ્ડા દેવીદાર ચૌહાણની ચપ્પુના ઘા મારી હત્યા કરી

સુરત, તા.૧૦

સુરત શહેરના વ્યસ્ત વેપારી વિસ્તારમાં રીંગ રોડ સ્થિત સુરત ટેક્સટાઈલ માર્કેટ નજીક બનેલી હત્યાની ઘટના પાછળનો ભેદ સલાબતપુરા પોલીસે ગણતરીની કલાકોમાં ઉકેલી નાખ્યો છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી મુકેશ મધુકર સકટે પોતાના ભાઈની સગાઈ થયેલી યુવતી સાથે મૃતકની વાતચીત હોવાની શંકાને કારણે ગુસ્સામાં આવી મિત્ર સરદાર ઉર્ફે ચડ્ડા દેવીદાર ચૌહાણની ચપ્પુના ઘા મારી હત્યા કરી હતી.

મળતી માહિતી અનુસાર, ૯ નવેમ્બરના રોજ રાત્રે રીંગ રોડની સુરત ટેક્સટાઈલ માર્કેટ ખાતે બ્લોક નં. 'O' અને 'S' ની વચ્ચે આવેલા ગેટ નં. ૫ નજીક, પાર્કિંગ પ્રોજેક્ટની બાજુમાં આ હત્યાની ઘટના બની હતી. આરોપી મુકેશ સકટે ચપ્પુ વડે હુમલો કરી ૨૧ વર્ષીય સરદાર ઉર્ફે ચડ્ડા દેવીદાર ચૌહાણને મોતને ઘાટ ઉતાર્યો હતો.હત્યા બાદ આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો, જેના પગલે સલાબતપુરા પોલીસ સ્ટેશને હત્યાનો ગુનો દાખલ કરી આરોપીની શોધખોળ શરૂ કરી હતી. જ્યારે ટેકનિકલ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તાત્કાલિક કાર્યરત થઈ હતી. અંતે બાતમીના આધારે આરોપી મુકેશ સકટને પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો હતો.આરોપીની પૂછપરછ કરતા બહાર આવ્યું છે કે આરોપી મુકેશ સકટના ભાઈની સગાઈ થયેલી યુવતી સાથે મૃતક ચડ્ડા ચૌહાણની વાતચીત થતી હોવાની શંકા આરોપીને હતી. આ કારણે બંને વચ્ચે વિવાદ સર્જાયો હતો. ગુસ્સામાં આવી આરોપીએ રાત્રે ચપ્પુ વડે હુમલો કરી મિત્રની હત્યા કરી અને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. હાલમાં પોલીસ આરોપી મુકેશ મધુકર સકટને રિમાન્ડ ઉપર લઈ તેની વધુ પૂછપરછ કરી રહી છે.

### સમગ્ર દિલ્હીમાં હાઈએલર્ટ

# લાલ કિલ્લા પાસે કારમાં બ્લાસ્ટ, એકનું મોત, અનેક ઈજાગ્રસ્ત

### રાજધાની દિલ્હીમાં લાલ કિલ્લા મેટ્રો સ્ટેશનના ગેટ નંબર-૧ પાસે એક કારમાં ભયાનક વિસ્ફોટ થતાં અફરાતફરી

નવી દિલ્હી, તા.૧૦

રાજધાની દિલ્હીમાં લાલ કિલ્લા મેટ્રો સ્ટેશનના ગેટ નંબર-૧ પાસે એક કારમાં ભયાનક વિસ્ફોટ થતાં અફરાતફરી મચી છે. વિસ્ફોટ બાદ દિલ્હીમાં હાઈએલર્ટ જાહેર કરી દેવાયું છે. વિસ્ફોટ બાદ કારમાં ભીષણ આગ લાગી હતી, જેના કારણે આસપાસના અનેક વાહનો આગની ઝપેટમાં આવતા બળીને ખાક થઈ ગયા છે. ઘટનાનો વીડિયો પણ સામે આવ્યા છે, જેમાં કાર, ટુ-વ્હિલર સહિત અનેક ખાડીઓ ખાક થઈ ગઈ છે. ઘટનામાં એકનું મોત થયું હોવાનું અને બે-થી ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાની પણ માહિતી સામે આવી છે.

પ્રાથમિક માહિતી અનુસાર, આ ઘટનામાં બેથી ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે. દિલ્હીના ફાયર વિભાગે સત્તાવાર જાણકારી આપતા કહ્યું કે લાલ કિલ્લા મેટ્રો સ્ટેશનના ગેટ નંબર-૧ પાસે કારમાં બ્લાસ્ટનો કોલ આવ્યો હતો. જે બાદ ત્રણથી ચાર અન્ય વાહનો પણ આગની ઝપેટમાં આવી ગયા. ફાયર વિભાગની કુલ સાત ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી અને આગ પર કાબૂ મેળવ્યો. દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

લાલ કિલ્લો વિસ્તાર અને તેની નજીક આવેલું ચાંદની ચોક માર્કેટ દિલ્હીના સૌથી વ્યસ્ત વિસ્તારોમાંનું એક છે. દરરોજ હજારોની સંખ્યામાં લોકો અહીં ખરીદી અને અવરજવર માટે આવતા હોય છે. વિસ્ફોટનું કારણ હજી સુધી સ્પષ્ટ થયું નથી, પરંતુ પોલીસ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને દરેક બાબતોની તપાસ કરી રહી છે. હાલમાં ઈજાગ્રસ્તો નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

### નકલી ઘીની બજાર કિંમત લગભગ ૨૫૦ કરોડ રૂપિયા

# તિરુપતિ દેવસ્થાનમમાં પ્રસાદ તરીકે અપાતા લાડુમાં મોટું કૌભાંડ સામે આવ્યું

### ઉત્તરાખંડની ભોલે બાબા ઓર્ગેનિક ડેરીએ ૨૦૧૯થી ૨૦૨૪ વચ્ચે તિરુપતિ મંદિરને આશરે ૬૮ લાખ કિલો નકલી ઘી પહોંચાડ્યું હતું

તિરુમાલા, તા.૧૦

તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમમાં પ્રસાદ તરીકે અપાતા લાડુમાં મોટું કૌભાંડ સામે આવ્યું છે. સીબીઆઈ દ્વારા રચાયેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશ ટીમમાં જાણવા મળ્યું છે કે, ઉત્તરાખંડની ભોલે બાબા ઓર્ગેનિક ડેરીએ ૨૦૧૯થી ૨૦૨૪ વચ્ચે તિરુપતિ મંદિરને આશરે ૬૮ લાખ કિલો નકલી ઘી પહોંચાડ્યું હતું. આ ઘીનું મૂલ્ય રૂ. ૨૫૦ કરોડ જેટલું થવા જાય છે.

CBI-ની આગેવાની હેઠળની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ની તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. ઉત્તરાખંડ સ્થિત ભોલે બાબા ઓર્ગેનિક ડેરીએ પાંચ વર્ષના લાંબા ગાળા (૨૦૧૯-૨૦૨૪) દરમિયાન TTDને આશરે ૬૮ લાખ કિલોગ્રામ બનાવટી ઘીનો પુરવઠો આપ્યો હતો. આ નકલી ઘીની બજાર કિંમત લગભગ ૨૫૦ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. એસઆઈટીએ ડેરીને કેમિકલની સપ્લાય કરનાર અજય કુમાર સુગંધની ધરપકડ કર્યા બાદ આ માહિતી આપી છે. રિપોર્ટ મુજબ, ડેરીના પ્રમોટરો પોમિલ જૈન અને વિપિન જૈને દૂધનો એક ટીપું પણ ખરીદ્યા વગર આ આખું કૌભાંડ આચર્યું હતું. તપાસમાં સામે આવ્યું કે ડેરીએ ક્યારેય સ્થાનિક દૂધ ઉત્પાદકો પાસેથી દૂધ કે માખણની ખરીદી કરી ન હતી.

ડેરીએ અન્ય એક કંપનીના નામે દિલ્હી સ્થિત આયાતકારો પાસેથી મોટા પ્રમાણમાં 'પામ ઓઈલ અને પામ કર્નલ ઓઈલ' ખરીદ્યું હતું. ત્યારબાદ આ તેલને મોનોડિગ્લિસરાઈડ્સ, એસેટિક એસિડ એસ્ટર, લેક્ટિક એસિડ, બીટા કેરોટીન અને આર્ટિફિશિયલ ઘી એસેન્સ જેવા વિવિધ રસાયણો સાથે ભેળવીને નકલી દેશી ઘી બનાવવામાં આવતું હતું. આ કૌભાંડને છુપાવવા માટે ડેરી પ્રમોટરોએ નકલી દૂધ ખરીદી અને ચૂકવણીના રેકોર્ડ્સ પણ ઊભા કર્યા હતા. SITએ આ કેસમાં રસાયણો પૂરા પાડનાર એક મુખ્ય આરોપી અજય કુમાર સુગંધની ધરપકડ કરી છે અને અન્ય આરોપીઓ સામે તપાસ ચાલુ છે.

ધાર્મિક સંસ્થાને આ રીતે છેતરવાના કૃત્યથી સમગ્ર રાજ્યમાં ખળભળાટ મચી ગયો છે.

નોંધનીય છે કે, તિરુપતિ મંદિરના પ્રસાદમાં નકલી ઘીનો મામલો ગયા વર્ષે સામે આવ્યો હતો. ત્યાર પછી આ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો અને સીબીઆઈને તપાસ સોંપાઈ. બાદમાં આ કેસની તપાસ કરવા સીબીઆઈએ એક એસઆઈટીની રચના કરી હતી.

### વન વિભાગે કાર્યવાહી કરી

# સિંહ સદનના નામે નકલી વેબસાઇટથી ઓનલાઇન બુકિંગના બહાને છેતરપિંડી

### લોકોએ સિંહ સદનના નામે એક આબેહૂબ નકલી વેબસાઇટ બનાવી પ્રવાસીઓને ઠગવાનો પ્રયાસ શરૂ કર્યો

ગાંધીનગર, તા.૧૦

રાજ્યના પ્રસિદ્ધ 'સિંહ સદન' માટે નકલી વેબસાઈટ બનાવી, પ્રવાસીઓ પાસેથી ઓનલાઈન બુકિંગના બહાને રૂપિયા પડાવી લેતા ચીટર તત્વો સામે વન વિભાગ સક્રિય બન્યો છે. ચીટિંગનો ભોગ બનનારાની સંખ્યા વધે એ પહેલા જ વન વિભાગે સમયસર પગલાં લઈ સાયબર સેલ સહાયથી આ ફેક વેબસાઈટ ડિલીટ કરાવીને એકાઉન્ટ ફ્રીઝ કરાવ્યા હતા. વન વિભાગના અગ્ર મુખ્ય વન સંરક્ષક જયપાલ સિંહે માહિતી આપતાં જણાવ્યું કે, સિહ સદન માટે ઓનલાઈન બુકિંગની સુવિધા ઉપલબ્ધ નથી અને વન વિભાગની કોઈ સત્તાવાર વેબસાઈટ દ્વારા બુકિંગ થતું નથી. છતાં કેટલાક લોકોએ સિહ સદનના નામે એક આબેહૂબ નકલી વેબસાઈટ બનાવી પ્રવાસીઓને ઠગવાનો પ્રયાસ શરૂ કર્યો હતો.

આ ચિટિંગની માહિતી વન વિભાગને ૩૧ ઓક્ટોબરના રોજ મળી હતી. વિભાગ દ્વારા તપાસ શરૂ કરી. આ ફેક વેબસાઈટની લિંક દ્વારા મળેલા ડેટા અને ટેકનિકલ વિગતો આધારે ચીટર તત્વો હરિયાણાના મેવાસ અને ધોલપુર વિસ્તાર ના હોવાના પ્રમાણ મળ્યા હતા. વન વિભાગે પહેલાં ભોગ બનનારાઓ સાથે સંપર્ક સાધી અને તેમને ફરિયાદ નોંધાવવા માટે રજુઆત કરી હતી, પરંતુ ઘણાં લોકોએ પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.

તપાસ દરમિયાન ચીટિંગમાં વપરાયેલ મોબાઈલ નંબર બંધ હોવાથી વન વિભાગે તે નંબર પર રેગ્યુલર ટ્રેકિંગ રાખી હતી. કેટલાક દિવસ પછી નંબર ચાલુ થતા વન વિભાગના અધિકારીએ 'ગ્રાહક' બની બુકિંગ કરવા નામે કોલ કર્યો હતો. ચીટરે બુકિંગ માટે ચુકવણી માંગી હતી અને જ્યારે અધિકારીએ નિર્ધારિત રકમ ટ્રાન્સફર કરી ત્યારે ચીટરે રિસીપ્ટ મોકલી હતી. આ બાદ વન વિભાગે તાત્કાલિક સાયબર સેલમાં ફરિયાદ દાખલ કરી હતી.

સાયબર સેલ દ્વારા ફરિયાદ નોંધાતા સાથે જ સંબંધિત ડોમેન ડિલીટ કરાવી અને બેંક એકાઉન્ટ ફ્રીઝ કરાવવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી હતી.

પ્રાથમિક તપાસમાં આ ફેક વેબસાઈટ વિદેશી સર્વર પર હોસ્ટ હોવાના સંકેત મળ્યા છે. તેમજ આ નેટવર્ક અન્ય ટુરિસ્ટ સ્પોટ અને વન્ય જીવન સંબંધિત સ્થળોના નામે પણ સમાન રીતે લોકોને ઠગવાનો પ્રયાસ કરતું હોય એવા આધાર પણ મળ્યા છે.

અગ્ર મુખ્ય વન સંરક્ષક જયપાલ સિંહે જનતાને ચેતવણી આપી કે, "સિહ સદન અથવા કોઈ વન્ય વિસ્તાર માટે બુકિંગ માત્ર સત્તાવાર વન વિભાગની કાર્યાલય દ્વારા જ થાય છે. કોઈપણ અજાણી વેબસાઈટ દ્વારા ચુકવણી ન કરવી. અમે ફેક લિંક્સ દૂર કરવા માટે ગૂગલ અને સાયબર સેલ સાથે સંપર્કમાં છીએ.

### રાજા રઘુવંશી જેવો વધુ એક હત્યાકાંડ

# પ્રેમમાં આંધળી બનેલી પત્નીએ પ્રેમી સાથે મળી ખૂન કરી નાખ્યું

### પત્નીએ શુક્રવારની રાતે પતિ સૂઈ રહ્યો હતો, પત્ની અને તેના પ્રેમીએ મળીને દોરડા વડે ગળું દબાવીને હત્યા કરી

થાણે, તા.૧૦

મુંબઈના થાણે જિલ્લામાંથી ઈન્દોરના હનીમૂન હત્યાકાંડ જેવો મામલો સામે આવ્યો છે. અહીં ૩ બાળકોની માએ પ્રેમના ચક્કરમાં પોતાના પતિ સાથે એવું કર્યું કે જાણીને તમારા પગ તળેથી જમીન સરકી જશે. હકીકતમાં જોઈએ તો, બદલાપુર પશ્ચિમમાં રહેતા એક ૪૪ વર્ષના વેપારી કિશન પરમાર પોતાની પત્ની મનીષા પરમાર અને ત્રણ બાળકો સાથે રહેતા હતા. તેમને હંમેશા વેપાર અર્થે શહેરની બહાર જવું પડતું હતું. આ દરમિયાન તેની પત્નીની મુલાકાત એ જ બિલ્ડિંગમાં રહેતા એક પરણેલા પુરુષ લક્ષ્મણ ભોઈર સાથે થઈ ગઈ. સમય જતાં બંને વચ્ચે દોસ્તી થઈ અને પછી દોસ્તી પ્રેમમાં બદલાઈ. બંને એકબીજાની એટલા નજીક આવ્યા કે બંને વચ્ચે શારીરિક સંબંધ પણ બંધાયા.હકીકતમાં જોઈએ તો, બદલાપુર પશ્ચિમમાં રહેતા એક ૪૪ વર્ષના વેપારી કિશન પરમાર પોતાની પત્ની મનીષા પરમાર અને ત્રણ બાળકો સાથે રહેતા હતા. તેમને હંમેશા વેપાર અર્થે શહેરની બહાર જવું પડતું હતું. આ દરમિયાન તેની પત્નીની મુલાકાત એ જ બિલ્ડિંગમાં રહેતા એક પરણેલા પુરુષ લક્ષ્મણ ભોઈર સાથે થઈ ગઈ. સમય જતાં બંને વચ્ચે દોસ્તી થઈ અને પછી દોસ્તી પ્રેમમાં બદલાઈ. બંને એકબીજાની એટલા નજીક આવ્યા કે બંને વચ્ચે શારીરિક સંબંધ પણ બંધાયા.પણ થોડા સમય બાદ મનીષાના પતિને આ સંબંધની જાણ થઈ ગઈ, જે બાદ કિશન પરમારે પોતાની પત્નીના આડા સંબંધને લઈને પૂછપરછ કરી. ત્યારથી બંને વચ્ચે હંમેશા ઝઘડા રહેતા. આ વાતથી કંટાળીને પત્નીએ શુક્રવારની રાતે જ્યારે પતિ સૂઈ રહ્યો હતો, પત્ની અને તેના પ્રેમીએ મળીને દોરડા વડે ગળું દબાવીને હત્યા કરી હતી. ત્યાર બાદ તેમણે લાશને ગાદલામાં લપેટીને નાખી. તેમણે લાશને મોટરસાયકલ પર નાખીને બદલાપુર પુલ નજીક ઉલ્હાસ નદીમાં ફેંકી આવ્યા. ત્યાર બાદ બંને ત્યાંથી ફરાર થઈ ગયા.

આ ઘટનાની જાણકારી મળતા જ પોલીસે તરત કાર્યવાહી કરી. લાશને નદીમાંથી બહાર કાઢી. આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩(૧) (હત્યા) અને ૨૩૮ અંતર્ગત ફરિયાદ નોંધાઈ. આરોપી પત્ની અને તેના પ્રેમી બંનેની ધરપકડ કરી લીધી છે. મધ્ય પ્રદેશના ઈન્દોરમાં થયેલા રાજા રઘુવંશીની હત્યા પણ આવી જ રીતે થઈ હતી. ગત જૂન મહિનામાં રાજા રઘુવંશીની પત્ની સોનમ રઘુવંશીએ પોતાની પ્રેમી સાથે મળીને પતિની હનીમૂનમાં હત્યા કરી નાખી હતી.

### વિદ્યાર્થીએ આત્મવિલોપન કર્યું

# મુઝફ્ફરનગરમાં ફી ન ભરી એટલે વિદ્યાર્થીને પરીક્ષામાં બેસવા ન દીધો

### તેને કોલેજની પાંચ હજાર રૂપિયાની ફી માટે આચાર્યએ માર માર્યો : પોલીસે પણ તેની સાથે ગેરવર્તણૂક પણ કરી

મુઝફ્ફરનગર, તા.૧૦

ઉત્તરપ્રદેશના મુઝફ્ફરનગરના બુઢાણા સ્થિત ડીએવી કોલેજમાં બી.એ.ના બીજા વર્ષમાં અભ્યાસ કરતા ૨૨ વર્ષીય વિદ્યાર્થી ઉજ્જવલ રાણા, જે બાગપત જિલ્લાના ભડલનો રહેવાસી છે, તેને કોલેજની પાંચ હજાર રૂપિયાની ફી માટે આચાર્યએ માર માર્યો. ત્યાર બાદ પોલીસે પણ તેની સાથે ગેરવર્તણૂક પણ કરી. ત્યારે આ અપમાનથી વ્યથિત થઈને વિદ્યાર્થીએ કૉલેજના ક્લાસરૂમમાં જ પેટ્રોલ છાંટીને આગ લગાવીને આત્મહત્યા કરી લીધી.

ઉજ્જવલને ગંભીર રીતે દાઝી ગયેલી હાલતમાં દિલ્હી ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જેમાં રવિવારે રાત્રે તેનું મોત થઈ ગયું છે. આ દુર્ઘટનાથી ગુસ્સે ભરાયેલા અન્ય વિદ્યાર્થીઓએ કોલેજના ગેટ પર વિરોધ પ્રદર્શન કર્યું. મેરઠના સરધનાના રહેવાસી આચાર્ય પ્રદીપ કુમાર વિરુદ્ધ આ મામલે કેસ દાખલ કરવામાં આવ્યો છે.બુઢાણાના મોહલ્લા ખાકરોબાનમાં પરિવાર સાથે રહેતા ઉજ્જવલે આગ લગાવતા પહેલા જાહેર કરેલા વીડિયોમાં આરોપ લગાવ્યો કે ૭ નવેમ્બરે આચાર્ય પ્રદીપ કુમારે તેને પોતાની ઓફિસમાં બોલાવ્યો અને યુનિવર્સિટી ફીના નામે પાંચ હજાર રૂપિયા જમા કરાવવાની વાત કરી.ઉજ્જવલે આચાર્યને જણાવ્યું કે, તે પરીક્ષા ફી યુનિવર્સિટીમાં ઓનલાઈન જમા કરાવી ચૂક્યો છે અને એક અઠવાડિયામાં શેરડીનું પેમેન્ટ મળતાં જ કોલેજની ફી પણ જમા કરાવી દેશે. આના પર, આચાર્યએ પહેલા પોતાની ઓફિસમાં ગાળાગાળી કરીને માર માર્યો અને ત્યારબાદ કોલેજના ગેટ પર લાવીને પણ તેની પીટાઈ કરી.આ મામલે ઉજ્જવલે મુખ્યમંત્રી, એસડીએમ અને પોલીસને ફરિયાદ કરી. કોલેજ પહોંચેલી પોલીસે પણ તેની સાથે ગેરવર્તણૂક કરી. બીજા દિવસે શનિવારે ઉજ્જવલ કોલેજ પહોંચ્યો અને સવારે લગભગ ૧૧ વાગ્યે પોતાના પર પેટ્રોલ છાંટીને આગ લગાવી દીધી.સાથી વિદ્યાર્થીઓએ કોઈક રીતે આગ બુઝાવી અને લગભગ ૮૦ ટકા દાઝેલા ઉજ્જવલને ગંભીર હાલતમાં પહેલા સીએચસીથી મેરઠ અને પછી દિલ્હીની સફદરજંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો.ઉજ્જવલ રાણાએ વીડિયોમાં કહ્યું કે, મારી સાથે એવી ઘટના બની, જેણે મને તોડી નાખ્યો છે. આચાર્ય પ્રદીપ કુમારે મારી સાથે અપમાનજનક વ્યવહાર કર્યો. મને ગાળ આપી, મારા વાળ ખેંચ્યા અને મારી પીટાઈ કરી. મેં માત્ર એવા ગરીબ અને અસહાય વિદ્યાર્થીઓ માટે અવાજ ઉઠાવ્યો હતો જેઓ ફી ન હોવાને કારણે પરીક્ષા ફોર્મ જમા કરાવી શકતા નહોતા.ઉજ્જવલે કહ્યું કે, આની સજા મને અપમાન કરીને અને ડરાવી-ધમકાવીને આપવામાં આવી. મેં ન્યાયની વાત કરી તો કોલેજમાં પોલીસ બોલાવવામાં આવી. પોલીસકર્મી ધર્મવીર, નંદ કિશોર અને વિનીત, જેમની પાસેથી મને મદદની અપેક્ષા હતી, તેમણે પણ મને ગાળો આપી. મને ડરાવવાનો-ધમકાવવાનો પ્રયાસ કર્યો. આ બધાના શબ્દોએ મારી આત્માને ઊંડી ઠેસ પહોંચાડી છે.ઉજ્જવલે વધુમાં કહ્યું કે, તેમણે મને તોડી દીધો. ઈમાનદારી અને કાયદા પ્રત્યેની સચ્ચાઈની કડી તૂટી ગઈ છે. હું ખુદને જ સવાલ પૂછવા લાગ્યો છું કે શું સચ્ચાઈ માટે અવાજ ઉઠાવવો ખોટું છે. હું દર્દમાંથી પસાર થઈ રહ્યો છું પણ ડરીશ નહીં. જો હું આત્મહત્યા કરું છું, તો તેનો દોષ આચાર્ય, પોલીસકર્મી નંદ કિશોર, ધર્મવીર અને વિનીત પર હશે.

# ખેડૂતોએ બગડી ગયેલા પાકમાં પશુઓને ચરવા છોડી દીધા

રાજકોટ, તા.૧૦

દિવાળી બાદ ત્રાટકેલા માવઠાથી ધોરાજી સહિત રાજકોટ, ગીર સોમનાથ, અમરેલી અને જુનાગઢના ખેડૂતોના પાકને ભારે નુકસાન થયું છે. કપાસ જેવા પાક સંપૂર્ણ નિષ્ફળ જતા ખેડૂતો પાયમાલ થયા છે. આર્થિક બોજને કારણે લાચાર ખેડૂતોએ બગડી ગયેલા પાકમાં પશુઓને ચરવા છોડી દીધા છે.રાજ્યમાં દિવાળી બાદ ત્રાટકેલા માવઠાને કારણે ખેડૂતોના પાકને પારાવાર નુકસાન ગયુ છે. રાજકોટ, ગીર સમોનાથ અમરેલી અને જુનાગઢ જિલ્લામાં ખેડૂતોનો સંપૂર્ણ પાક ધોવાઈ ગયો છે. ત્યારે ખેડૂતોને આ બગડેલા પાકમાંથી કંઈ જ ઉપજે તેમ નથી. જેના કારણે ખેડૂતોએ તેમના ખેતરોમાં પશુઓને ચરવા માટે છુટા મુકી દીધા છે.માવઠાએ ખેડૂતોને પાયમાલ કરી નાંખ્યા છે. માવઠામાં સંપૂર્ણ પાક સડી ગયો છે અને નાશ પામ્યો છે આથી આથી લાચાર ખેડૂતો હવે તેમનો બગડી ગયેલો પાક પશુઓને ખવડાવવા મજબૂર બન્યા છે. આવું જ કંઈક બન્યું રાજકોટના ધોરાજી તાલુકાના છાડવાવદર ગામમાં, કે જ્યાં ગોવિંદ ડાભી નામના ખેડૂતે ખેતરના ઉભા પાકમાં પશુઓ ચરવા મુકી દીધા. ખેડૂતે લીધેલા કપાસનો પાક સંપૂર્ણ નિષ્ફળ ગયો છે. આથી ખેડૂતે તેમની ૧૮ વીઘા જમીનમાં પશુઓ ચરવા છુટા મુકી દીધા છે. ખેડૂતને એક વીઘા દીઠ વાવેતરથી લઈને ઉત્પાદન સુધી અંદાજે ૧૮ થી ૨૦ હજારનો ખર્ચ થાય છે. પરંતુ આ ખર્ચ માથે પડ્યો છે. વરસાદમાં નાશ પામેલો પાક હવે પશુઓ ચરી રહ્યા છે. ૩૦ થી ૪૦ ભેંસો અને ઘેટાઓને ખેતરોમાં છુટા મુકી દેવાયા છે.

### મુખ્યમંત્રીએ આપ્યા તપાસના આદેશ

# કેરળમાં વંદે ભારત ટ્રેનમાં RSS ગીત ગવાતા વિવાદ

### કેન્દ્રીય મંત્રીઓએ જણાવ્યું કે, તે એક દેશભક્તિ ગીત છે

થિરૂવનંતપૂરમ્, તા.૧૦

કેરળમાં RSSના ગીતને લઈને રાજકારણ ગરમાયું છે. કેરળ સરકારે એર્નાકુલમથી બેંગલુરુ જતી વંદે ભારત એક્સપ્રેસના ઉદ્ઘાટન પછી ટ્રેનમાં શાળાના વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ગીત ગાવા માટે દક્ષિણ રેલવેના કથિત પગલાની તપાસના આદેશ આપ્યા છે. જો કે, કેન્દ્રીય મંત્રીઓએ આ ઘટનાને યોગ્ય ઠેરવીને જણાવ્યું કે, તે એક દેશભક્તિ ગીત છે. કેરળના શિક્ષણ મંત્રી, વી. શિવનકુટ્ટીએ જાહેર સૂચના નિયામક(DPI)ને તપાસ કરવા અને રિપોર્ટ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એર્નાકુલમ-બેંગલુરુ વંદે ભારત એક્સપ્રેસનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું. ઉદ્ઘાટનના થોડા સમય પછી દક્ષિણ રેલવેએ એક વીડિયો શેર કર્યો જેમાં વિદ્યાર્થીઓ ટ્રેનમાં RSS ગીત ગાતા દેખાતા હતા. જોકે, ટ્રોલ થયા પછી, આ વીડિયોને દૂર કરવામાં આવ્યો અને પછી અંગ્રેજી અનુવાદ સાથે ફરીથી શેર કરવામાં આવ્યો.ગીતને યોગ્ય ઠેરવતા, એલમક્કારામાં સરસ્વતી વિદ્યાનિકેતન પબ્લિક સ્કૂલના આચાર્ય ડિન્ટો કે. પી.એ તેને દેશભક્તિ ગીત ગણાવ્યું. તેણે કહ્યું કે આ ગીત દક્ષિણ રેલવે દ્વારા નિર્દેશિત ન હતું, પરંતુ બાળકોએ તેને મલયાલમ દેશભક્તિ ગીત તરીકે ગાવાનું પસંદ કર્યું. આચાર્યએ એ પણ સ્વીકાર્યું કે વિવાદ પછી અને દક્ષિણ રેલવેના ૪ હેન્ડલ પરથી ગીતનો વીડિયો દૂર કર્યા પછી, શાળા વહીવટીતંત્રે વડાપ્રધાન કાર્યાલય અને કેન્દ્રીય રેલવે મંત્રીને પત્રો મોકલ્યા. આ ઉપરાંત તેણે કહ્યું, અમને ખબર નથી કે રાજ્યના શિક્ષણ પ્રધાને આ મામલે તપાસનો આદેશ કેમ આપ્યો. જો સામાન્ય શિક્ષણ વિભાગ કાર્યવાહી કરશે, તો અમે કાનૂની કાર્યવાહી કરવાનું વિચારીશું.વિપક્ષ કોંગ્રેસ પાર્ટીએ આ ઘટનાની સખત નિંદા કરી અને "સાંપ્રદાયિક હેતુઓ માટે" બાળકોનો ઉપયોગ કરવાની મંજૂરી આપવા બદલ શાળા અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરી. તપાસની જાહેરાત કરતાં શિવનકુટ્ટીએ કહ્યું કે સરકારી કાર્યક્રમોમાં બાળકોનું રાજકારણ કરવું અને ચોક્કસ જૂથના સાંપ્રદાયિક એજન્ડાને પ્રોત્સાહન આપવા માટે તેમનો ઉપયોગ કરવો એ બંધારણીય સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરે છે. જાહેર સૂચના નિયામક (DPI)ને તાત્કાલિક તપાસ કરવા અને રિપોર્ટ સબમિટ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

તેણે કહ્યું કે,રિપોર્ટના તારણોના આધારે યોગ્ય પગલાં લેવામાં આવશે. દેશના ધર્મનિરપેક્ષ અને રાષ્ટ્રીય મૂલ્યોને જાળવી રાખવાની જવાબદારી સરકારની છે, અને આ સિદ્ધાંતોનું રક્ષણ થાય તે સુનિશ્ચિત કરવા માટે પગલાં લેવામાં આવશે.કેન્દ્રીય મંત્રી સુરેશ ગોપીએ ટ્રેનમાં વિદ્યાર્થીઓ દ્વારા RSS ગીત ગાવાનું વાજબી ઠેરવ્યું. તેમણે ત્રિશૂરમાં પત્રકારોને જણાવ્યું કે, બાળકોનો ઉજવણીનો એક ભાગ હતો. પેટ્રોલિયમ, કુદરતી ગેસ અને પર્યટન રાજ્ય મંત્રીએ કહ્યું, તેને તે ક્ષણે તે ગીત ગાવાનું મન થયું, અને તેમણે ગાયું. ગમે તે હોય, તે ઉગ્રવાદી ગીત નથી.

# થરાદ-વાવ હાઈવે પર ચારડા નજીક અકસ્માત સર્જાયો

બનાસકાંઠા, તા.૧૦

બનાસકાંઠા જિલ્લાના થરાદ-વાવ હાઈવે પર આજે વહીવટી તંત્રના અધિકારીઓ સાથે સંકળાયેલો એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. હાઈવે પર ચારડા ગામ નજીક થરાદના જીહ્હ (સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ)ની કાર અને એક જીપ કાર વચ્ચે ટક્કર થતાં કુલ ૪ લોકોને ઈજા પહોંચી હતી. થરાદના SDM સાજણ મેર થરાદથી વાવ તરફ જઈ રહ્યા હતા ત્યારે આ અકસ્માત થયો હતો. SDMની કાર અને સામેથી આવતી એક જીપ કાર વચ્ચે ટક્કર થતાં અકસ્માતની ગંભીરતા વધી હતી.ટક્કરના કારણે બંને વાહનોને નુકસાન પહોંચ્યું હતું. આ અકસ્માતમાં SDM સાજણ મેર પોતે અને તેમની ગાડીના ચાલકને ઈજાઓ પહોંચી હતી. આ ઉપરાંત જીપ કારમાં સવાર અન્ય બે વ્યક્તિઓને પણ ઈજાઓ થઈ હતી. અકસ્માત બાદ તમામ ૪ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે થરાદની એક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સદભાગ્યે કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ તમામ ઈજાગ્રસ્તોની સારવાર ચાલી રહી છે.

### ડેરી પ્રમુખનો ગોળગોળ જવાબ

# નસવાડી ખાતે બરોડા ડેરી દ્વારા આયોજિત સ્નેહમિલન કાર્યક્રમ વિવાદમાં આવ્યો

છોટાઉદેપુર, તા.૧૦

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી ખાતે બરોડા ડેરી દ્વારા આયોજિત સ્નેહમિલન કાર્યક્રમ વિવાદમાં આવ્યો છે. આ કાર્યક્રમમાં રાજકીય અગ્રણીઓની હાજરી વચ્ચે જ નાના ભૂલકાઓ પાસે લાંબા સમય સુધી છાશ વિતરણનું કામ કરાવવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે, જેને કારણે બરોડા ડેરીના સત્તાધીશોની કામગીરી પર સવાલો ઊઠ્યા છે.

નસવાડીમાં યોજાયેલા આ સ્નેહમિલન કાર્યક્રમમાં છોટાઉદેપુર લોકસભાના સાંસદ જસુભાઈ રાઠવા, સંખેડા વિધાનસભાના ધારાસભ્ય અભેસિંહ તડવી, બરોડા ડેરીના પ્રમુખ દિનેશ પટેલ અને ડેરીના સદસ્યો સહિત દૂધ મંડળીના પ્રમુખો અને પશુપાલકો મોટી સંખ્યામાં હાજર હતા. નેતાઓના મંડપ (સ્ટેજ)થી માત્ર ૫૦ મીટરના અંતરે જ એક નાનો સ્ટોલ બનાવવામાં આવ્યો હતો.

આ સ્ટોલ પર ત્રણ જેટલા નાના બાળકો બરોડા ડેરીની છાશનું વિતરણ ત્રણ કલાક સુધી સતત કરતા રહ્યા હતા. આ ઘટના ડેરીના સત્તાધીશોની બેદરકારીનો 'વરવો નમૂનો' ગણાય છે, જ્યાં વિશાળ જનમેદની અને મંચ પર હાજર નેતાઓ સામે જ નાના ભૂલકાઓ પાસે કામ કરાવવામાં આવ્યું હતું.

આ વિવાદ અંગે જ્યારે બરોડા ડેરીના પ્રમુખ દિનેશ પટેલનો સંપર્ક કરવામાં આવ્યો, ત્યારે તેમણે જવાબ આપીને છટકવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે કહ્યું કે, 'બાળકો છાશનું વિતરણ કરતા હતા તેની મને કોઈ જાણ નથી. અમે બાળકોને કામે લગાડ્યા નથી.' જો કે, નેતાઓ અને ડેરીના પ્રમુખની નજર સામે જ બાળકો કામ કરી રહ્યા હતા તેવા સ્પષ્ટ દ્રશ્યો સામે આવતા, પ્રમુખનો આ ગોળગોળ જવાબ સ્વીકાર્ય નથી તેવું સ્થાનિક લોકો માની રહ્યા છે. આ ઘટના બાળ શ્રમ અને કાર્યક્રમના સંચાલન પર ગંભીર સવાલો ઊભા કરે છે.

### ઠાકરે-પવારને ઝટકો

# BMCમાં એકલા હાથે ચૂંટણી લડવાની કોંગ્રેસની જાહેરાત

## કોંગ્રેસ નેતા વિજય વડેટ્ટીવારે જાહેરાત કરી છે કે, બીએમસીની ચૂંટણી કોંગ્રેસ એકલા હાથે લડશે

મુંબઈ, તા.૧૦

મહારાષ્ટ્રમાં ફરી રાજકીય ઉથલપાથલ સર્જાઈ છે. રાજ્યમાં બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ની ચૂંટણીની તારીખ જાહેર થાય તે પહેલા કોંગ્રેસે ઉદ્ધવ ઠાકરે અને શરદ પવારને મોટો ઝટકો આપ્યો છે. કોંગ્રેસ નેતા વિજય વડેટ્ટીવારે જાહેરાત કરી છે કે, બીએમસીની ચૂંટણી કોંગ્રેસ એકલા હાથે લડશે.

કોંગ્રેસ નેતા વિજય વડેટ્ટીવારે નાગપુરમાં સત્તાવાર કહ્યું છે કે, 'અમારા સ્થાનિક નેતાઓએ અમારી પાર્ટીને એકલા આગળ વધવાની વિનંતી કરી છે. આ અંગે મેં હાઈકમાન્ડને વાત કરી હતી, તો હાઈકમાન્ડે અમને કહ્યું છે કે, સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને રાખીને નિર્ણય લેવામાં આવે. મુંબઈ કોંગ્રેસમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે, એકલા હાથે ચૂંટણી લડવામાં આવે.' કોંગ્રેસે બીએમસીની ચૂંટણી એકલા હાથે લડવાનો નિર્ણય કરીને મહાવિકાસ આઘાડી (MVA) ગઠબંધનની ચિંતા વધારી દીધી છે. આ ગઠબંધનમાં કોંગ્રેસની સાથે ઉદ્ધવ ઠાકરેની શિવસેના યુબીટી અને શરદ પવારની એનસીપી એસપી પાર્ટી સામેલ છે. ઉલ્લેખનીય છે કે, બીએમસીની ચૂંટણીની તારીખો હજુ જાહેર કરવામાં આવી નથી, ત્યારે તે પહેલા જ રાજ્યમાં રાજકીય ગરમાવો શરૂ થઈ ગયો છે.

કોંગ્રેસના મુંબઈ એકમે ૯ નવેમ્બરે એક્સ પર પોસ્ટ કરીને માહિતી આપી હતી કે, કોંગ્રેસે બીએમસી ચૂંટણીમાં લડવાની ઈચ્છા ધરાવતા ઉમેદવારોને અરજી કરવા કહ્યું હતું, જેમાં ૧૧૫૦થી વધુ અરજી આવી છે. મુંબઈ કોંગ્રેસ અધ્યક્ષ અને સાંસદ વર્ષા ગાયકવાડે ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ માટે ૨૨૭ વોર્ડ માટે પ્રભારીની નિમણુંક કરી દેવાઈ છે. સાંસદ સુરેશચંદ્ર રાજહંસે કહ્યું છે કે, વર્ષા ગાયકવાડની આગેવાની હેઠળ તમામ નેતા, પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ચૂંટણીની તૈયારીમાં લાગી ગયા છે.

### વેન્ટિલેટર પર અપાઈ રહી છે સારવાર

# બોલિવૂડ દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રની તબિયત ગંભીર

## બોલિવૂડના દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રની તબિયત લથડતાં તેમને બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં ICUમાં દાખલ કરાયા છે

મુંબઈ, તા.૧૦

બોલિવૂડના દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રની તબિયત લથડતાં તેમને બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં ICUમાં દાખલ કરવામાં આવ્યા છે. છેલ્લા એક અઠવાડિયાથી તેઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે, પરંતુ આજે (૧૦ નવેમ્બર) સવારે તેમની તબિયત વધુ લથડી છે, જેના કારણે તેમને આઈસીયુમાં વેન્ટિલેટર સપોર્ટ પર રખાયા હોવાની માહિતી સામે આવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ૮૯ વર્ષીય ધર્મેન્દ્રની આજે તબિયત બગડ્યા બાદ વેન્ટિલેટર પર ખસેડાયા છે. આ સમાચાર બાદ પરિવારના કેટલાક સભ્યોની હોસ્પિટલમાં અવરજવર વધી છે. તેમની તબિયત અંગે પરિવાર કે હોસ્પિટલ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. આ પહેલા ત્રીજી નવેમ્બરે ધર્મેન્દ્રના બીજી પત્ની અને અભિનેત્રી હેમા માલિનીએ ધર્મેન્દ્રની તબિયત અંગે માહિતી આપી હતી. એરપોર્ટ પર જ્યારે તેમને ધર્મેન્દ્રની તબિયત વિશે પૂછવામાં આવ્યું ત્યારે હેમા માલિનીએ હાથ જોડીને 'ઠીક છે' તેમ કહીને સંકેત આપ્યો હતો કે, તેમની તબિયત સ્થિર છે.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં ધર્મેન્દ્રની આગામી ફિલ્મ 'ઈક્કિસ'નું ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું હતું, જેના પર સની દેઓલે પિતાના દમદાર અભિનયની પ્રશંસા કરી હતી. આ પહેલા ૨૦૨૨માં પણ તેમને સ્નાયુઓ સમસ્યાના કારણે હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું હતું. હાલમાં ધર્મેન્દ્રના સ્વાસ્થ્ય અંગે પરિવાર તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.

### તેજસ્વી યાદવે મોદી પર પણ આકરા પ્રહાર કર્યા

# બિહારમાં મોટાભાગના ઓબ્ઝર્વર-અર્ધસૈનિક દળ ભાજપ શાસિત રાજ્યોનાં

## ૨૦ વર્ષ સુધી ચાલેલી સરકાર દરમિયાન બિહારમાં ગરીબી, બેરોજગારી-સ્થળાંતર ચરમસીમાએ પહોંચ્યું છે : તેજસ્વી

પટણા, તા.૧૦

આરજેડી નેતા તેજસ્વી યાદવે બિહારમાં બીજા તબક્કાના મતદાનના એક દિવસ અગાઉ યોજેલી એક પ્રેસ કોન્ફરન્સમાં એનડીએ સરકાર પર નિશાન સાધ્યું અને અનેક આક્ષેપો કર્યા. તેમણે કહ્યું કે, ૨૦ વર્ષ સુધી ચાલેલી સરકાર દરમિયાન બિહારમાં ગરીબી, બેરોજગારી અને સ્થળાંતર ચરમસીમાએ પહોંચ્યું છે. આટલા લાંબા સમયમાં અહીં નવી ફેક્ટરીઓ કે ઉદ્યોગોની સ્થાપના થઈ નથી, જેના કારણે લોકોને રોજગાર મળી શક્યો નથી. તેજસ્વીએ દાવો કર્યો કે જો ડબલ એન્જિન સરકારની ઈચ્છા હોત તો બિહાર ૨૦ વર્ષમાં દેશમાં પ્રથમ ક્રમાંક પર આવી શક્યું હોત.

તેજસ્વી યાદવે વધુમાં કહ્યું કે, અમિત શાહ બિહારને વસાહતી રાજ્ય બનાવવા માંગે છે, જ્યાં બહારના લોકો કબજો કરી લે. પરંતુ, અમે બિહારીઓ આ થવા નહીં દઈએ. આ ચૂંટણીમાં જનતા દ્વારા જડબાતોડ જવાબ આપવામાં આવશે.

તેજસ્વી યાદવે ટિપ્પણી કરી કે, પીએમ મોદી બિહારમાં જે વાતો કરી રહ્યા છે, તે જો તેમણે ગુજરાતમાં કરી હોત તો વધુ યોગ્ય ગણાત. તેમની પાસે ન કોઈ વિઝન છે, ન કોઈ રોડમેપ. તેઓ માત્ર ખોટા વચનો આપી રહ્યા છે. વડાપ્રધાન પાસે આટલો બધો ફુરસતનો સમય ક્યાંથી આવ્યો? તેઓ હાલમાં કઈ વેબ સિરીઝ જોઈ રહ્યા છે?વધુમાં તેમણે કહ્યું, મેં બિહારમાં લાખો પેન (શિક્ષણ માટે) અને નોકરીઓ વહેંચી, પરંતુ વડાપ્રધાનને તે દેખાયું નથી. તેમને દિલીપ જયસ્વાલ, સમ્રાટ ચૌધરી અને મંગલ પાંડેનો કૌભાંડ પણ દેખાતો નથી. પીએમ પર સીધો હુમલો કરતા તેમણે સવાલ કર્યો, તમે કુખ્યાત ગુનેગારો સાથે મંચ શેર કરો છો, શું તેઓ તમને સાધુ-મહાત્મા જેવા લાગે છે?

તેજસ્વી યાદવે આરોપ લગાવ્યો કે વડાપ્રધાન દ્વારા સૃજન કૌભાંડના આરોપી બિપિન શર્માને એરપોર્ટ પર બોલાવીને તેમની પીઠ થપથપાવવામાં આવી હતી. તમારા કહેવામાં અને કરવામાં મોટું અંતર છે. આ ઘટનાઓને કારણે, તમને બિહાર આવતા શરમ આવવી જોઈએ. તેજસ્વીએ ચૂંટણી પંચની નિષ્પક્ષતા પર ગંભીર સવાલો ઉઠાવતા કહ્યું કે, કુલ પોલીસ ઓબ્ઝર્વરમાંથી ૯૮ ટકા નિરીક્ષકો ભાજપ શાસિત રાજ્યોમાંથી છે. આ ઉપરાંત, સ્ટ્રોંગ રૂમમાં લગાવેલા સીસીટીવી કેમેરા પણ વારંવાર બંધ થઈ રહ્યા છે. ચૂંટણીની સુરક્ષા માટે આવેલી ૨૦૮ કંપનીઓ પણ ભાજપ શાસિત રાજ્યોમાંથી જ લાવવામાં આવી છે. એવું લાગે છે કે ભાજપ જેટલું પાપ કરશે, ચૂંટણી પંચ તે બધાને ધોઈ નાખવાનું કામ કરશે.

ચૂંટણી પંચ પર સવાલ ઉઠાવતા તેજસ્વી યાદવે પૂછ્યું કે, મતદાનના આંકડા કેમ છુપાવવામાં આવી રહ્યા છે અને કેટલા પુરુષો-મહિલાઓએ મતદાન કર્યું તેની માહિતી જાહેર કેમ થતી નથી? તેમણે કટાક્ષ કર્યો કે, શું આ મજાક છે? પીએમ મોદી અને અમિત શાહના જમાનામાં ચૂંટણી પંચ ઠપ થઈ ગયું છે.

### ૧૧૦૨ દીકરીઓને સહાયની જાહેરાત

# સુરતના ઉદ્યોગપતિની ૭૫૦૦ ગણોત ખેડૂત માટે સહાયની જાહેરાત

## કાર્યક્રમ દરમિયાન દીકરીઓ અને તેમના માતાપિતાના ચહેરા પર આનંદ અને ગૌરવની ઝલક જોવા મળી હતી

સુરત, તા.૧૦

સુરતના ઉદ્યોગપતિની ૭૫૦૦ ગણોત ખેડૂત માટે સહાયની જાહેરાત કરી છે. આ ઉદ્યોગપતિ એક ખેડૂતને રૂ.૭,૫૦૦ ચૂકવશે. તેમજ 'હિરાબાનો ખમકાર' હેઠળ ૧૧૦૨ દીકરીને શિક્ષણ સહાય આપવામાં આવી. દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરાયેલ "હિરાબા નો ખમકાર" અભિયાન હવે લોકઅભિયાનનું સ્વરૂપ ધારણ કરી રહ્યું છે.

સુરતના જાણીતા ઉદ્યોગપતિ પિયુષભાઈ ભૂરાભાઈ દેસાઈ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૫મા જન્મદિવસ નિમિત્તે શરૂ કરાયેલી આ પહેલ અંતર્ગત અત્યાર સુધી ૫૫૧ વ્યક્તિઓને શિક્ષણ સહાય આપવામાં આવી હતી, જ્યારે આજરોજ વધુ ૫૫૧ દીકરીઓને સહાય અર્પણ કરતાં કુલ લાભાર્થીઓની સંખ્યા ૧૧૦૨ સુધી પહોંચી ગઈ છે. આ સાથે કમોસમી વરસાદના કારણે ખેડૂતોને થયેલા નુકસાનને લઈને પણ પિયુષ દેસાઈએ મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે તેઓ દ્વારા ૭૫૦૦ ગણોત ખેડૂતોને પ્રતિ ખેડૂત ૭૫૦૦ રૂપિયાની આર્થિક સહાય કરવામાં આવશે.

ચેમ્બર ઓફ કોમર્સ ખાતે આયોજિત કાર્યક્રમમાં ધનતેરસના શુભ દિવસે દરેક દીકરીને રૂ. ૭,૫૦૦ની શૈક્ષણિક સહાય આપવામાં આવી હતી. આ રીતે અત્યાર સુધીમાં કુલ રૂ. ૪૧,૩૨,૫૦૦ની સહાય વિતરણ કરવામાં આવી છે. કાર્યક્રમ દરમિયાન દીકરીઓ અને તેમના માતાપિતાના ચહેરા પર આનંદ અને ગૌરવની ઝલક જોવા મળી હતી. પિયુષભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, "દીકરીને શિક્ષણ આપવું એ રાષ્ટ્રના ભવિષ્યને મજબૂત બનાવવાનો શ્રેષ્ઠ માર્ગ છે. હિરાબાના આશીર્વાદથી આ યજ્ઞ સતત આગળ વધારવાનો મારો સંકલ્પ છે." તેમણે જણાવ્યું કે આ અભિયાન દ્વારા કુલ ૨૧,૦૦૦ દીકરીઓને શિક્ષણ સહાય પહોંચાડવાનો અને તેના માટે કુલ રૂ. ૧૫૭૫ કરોડની સહાય વિતરણ કરવાનો લક્ષ્ય નક્કી કરવામાં આવ્યો છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત ઉદ્યોગપતિઓ, સમાજસેવી અને શિક્ષણપ્રેમી વ્યક્તિઓએ પિયુષભાઈની આ અનોખી પહેલને બિરદાવી હતી અને તેને સમાજના અન્ય ઉદ્યોગપતિઓ માટે પ્રેરણારૂપ ગણાવી હતી.

ઉલ્લેખનીય છે કે, મૂળ બનાસકાંઠા જિલ્લાના નાણોટા ગામના વતની પિયુષભાઈ હાલમાં સુરતમાં ટેક્સટાઈલ, બિલ્ડિંગ અને ફાઈનાન્સ ક્ષેત્રે સફળ વ્યવસાય કરે છે. તેમ છતાં, સમાજસેવાની ભાવનાથી શરૂ કરાયેલ "હિરાબા નો ખમકાર" અભિયાન તેમની જીવનયાત્રાનું સૌથી સંતોષકારક અને અર્થપૂર્ણ કાર્ય બની રહ્યું છે.

### પૈસા માટે શો છોડવાની વાતને અફવા ગણાવી

# 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં ટપ્પુ પાછો ફરશે?

## ભવ્ય ગાંધીના શો છોડ્યા પછી રાજ અનકટે ટપ્પુની ભૂમિકા ભજવી હતી, અને હાલમાં આ પાત્ર તેજસ્વી ભવાની ભજવી રહ્યા છે

મુંબઈ, તા.૧૦

છેલ્લા ૧૭ વર્ષથી "તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા" શો ભારતવાસીઓનો લોકપ્રિય ટેલિવિઝન શો બની રહ્યો છે. જોકે, છેલ્લા કેટલાક વર્ષોમાં આ શોમાં મહત્ત્વની ભૂમિકા ભજવનારા ઘણા કલાકારો આ શો છોડીને ચાલ્યા ગયા છે. જેમાં આ સીરિયલ સાથે શરૂઆતથી જોડાયેલા ભવ્ય ગાંધીનો પણ સમાવેશ થાય છે. ટપ્પુનું પાત્ર ભજવીને ભવ્ય ગાંધી ઘરે-ઘરે જાણીતો બની ગયો છે. જોકે, હવે ભવ્ય ગાંધીએ શોમાં પાછા ફરવા અંગે મોટું નિવેદન આપ્યું છે.ભવ્ય ગાંધી ૨૦૦૮માં એક ચાઈલ્ડ આર્ટિસ્ટ તરીકે "તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા" શો સાથે જોડાયો હતો. તારક મહેતાના લોકપ્રિય પાત્ર 'ટપ્પુ'ની ભૂમિકા તેણે બખૂબી નિભાવી હતી. જોકે, ૨૦૧૭માં તેણે શો છોડીને તેના ચાહકોને ચોંકાવી દીધા હતા. હાલ તે ગુજરાતી સિનેમામાં સક્રિય છે. તાજેતરમાં ભવ્ય ગાંધીએ લાંબા સમય પછી "તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા" શો છોડવાના કારણો અને તેની સંભવિત વાપસી અંગે મીડિયા સાથે વાત કરી છે.ભવ્ય ગાંધીએ નાણાકીય કારણોસર "તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા" શો છોડ્યો એવી અફવા વહેતી થઈ હતી. જેની સ્પષ્ટતા કરતા ભવ્ય ગાંધીએ મીડિયાને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે "મેં ક્યારેય પૈસા માટે કામ કર્યું નથી. મેં પૈસા માટે શો પણ



છોડ્યો નથી."TMKOCના શો માટે શું તમને પ્રતિ એપિસોડ દસ હજાર રૂપિયા મળતા હતા? આ સવાલના જવાબમાં ભવ્ય ગાંધીએ જણાવ્યું કે, "ના, મને ખબર નથી કે શો માટે મને કેટલા પૈસા ચૂકવવા આવતા હતા. કારણ કે હું નાનો હતો. મારા માતા-પિતા બધું સંભાળતા હતા. મેં તેમને પૂછ્યું નથી કે મને એક શો માટે કેટલો પગાર મળ્યો હતો."જ્યારે ભવ્યને પૂછવામાં આવ્યું કે શું તે શોમાં પાછા ફરવા માંગે છે, તો તેણે સકારાત્મક જવાબ આપ્યો કે, "હા, કેમ નહીં? હું ચોક્કસપણે શોમાં પાછા જવા માંગુ છું. મારા જીવનમાં મને પૂર્ણતા મળશે." ભવ્યના આ નિવેદનથી ચાહકોમાં ઉત્સાહ વધી ગયો છે.ઉલ્લેખનીય છે કે, ભવ્ય ગાંધીના શો છોડ્યા પછી રાજ અનકટે ટપ્પુની ભૂમિકા ભજવી હતી, અને હાલમાં આ પાત્ર તેજસ્વી ભવાની ભજવી રહ્યા છે. ભવ્યએ એમ પણ કહ્યું કે નિર્માતા અસિત મોદી તેની પ્રતિભાને ઓળખનાર સૌપ્રથમ વ્યક્તિ હતા.

### ચૈતર વસાવાનું સ્ફોટક નિવેદન

# હું જંગલનો વાઘ છું, સર્કસનો વાઘ નથી, ક્યારેય ભાજપમાં નહિ જોડાઉં!

## આમ આદમી પાર્ટીની ગુજરાત જોડો જનસભામાં અસંખ્ય લોકો આમ આદમી પાર્ટીમાં જોડાયા હતાં

ડેડિયાપાડા, તા.૧૦

ગુજરાતમાં આમ આદમી પાર્ટીના ફાયરબ્રાન્ડ નેતા તરીકે ઉભરી આવેલા ધારાસભ્ય ચૈતર વસાવાએ મોટું નિવેદન આપતા કહ્યું કે, ભાજપ પ્રધાનમંત્રીને નરેન્દ્ર મોદીને ડેડિયાપાડા લાવી રહ્યું છે. ભાજપ તેમને મેં સ્થાપિત કરેલી પ્રતિમાને માળા ચઢાવવા માટે મજબૂર કરી રહી છે. બધા મારા પર ભાજપમાં જોડાવા માટે દબાણ કરી રહ્યા છે, પરંતુ હું ખુલ્લા જંગલમાં ફરતો વાઘ છું. હું મુક્તપણે ફરું છું. હું સર્કસ વાઘ બનવા માંગતો નથી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ગુજરાત મુલાકાત પહેલા, આમ આદમી પાર્ટી (AAP) ના ધારાસભ્ય ચૈતર વસાવાએ ભાજપ પર ગંભીર આરોપ લગાવ્યા છે. ચૈતર વસાવાએ કહ્યું કે ભાજપ ખોટા કેસ દાખલ કરીને તેમનું સ્થાન નીચે લાવવાનો પ્રયાસ કરી રહી છે. પરંતુ હું કહી દઉં કે હું જંગલનો વાઘ છું. હું સર્કસ વાઘ નહીં બની શકું. હું ક્યારેય ભાજપમાં નહિ જોડાઉં. બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે પીએમ મોદી નર્મદા જિલ્લાના ડેડિયાપાડા વિધાનસભા મતવિસ્તારની મુલાકાત લેવાના છે. અને ચૈતર વસાવા ડેડિયાપાડાના ધારાસભ્ય છે. ત્યારે તે પહેલા ચૈતર વસાવાનું સ્ફોટક નિવેદન સામે આવ્યું છે.

ડેડિયાપાડાના આપના ધારાસભ્ય ચૈતર વસાવા જેલમાંથી છૂટ્યા બાદ સતત સંગઠનને મજબૂત કરવાના પ્રયાસો કરી રહ્યાં છે. ત્યારે ગઈકાલે રવિવારે ચૈતર વસાવાએ દાહોદમાં બીજી સભા સંબોધી હતી. આમ આદમી પાર્ટી (છછઁ)ના નેતા ચૈતર વસાવાએ છોટાઉદેપુર જિલ્લાને નિશાન બનાવીને રાજકીય ગઢમાં મોટું ગાબડું પાડ્યું છે. દાવો કરાયો છે કે કવાંટ તાલુકાના આથાડુંગરી ગામે આયોજિત સભામાં ભાજપના ૫૦૦૦ અને કોંગ્રેસના ૩૦૦૦ જેટલા કાર્યકરો અને હોદ્દેદારોએ બંને પાર્ટીઓ છોડીને છછઁમાં સામેલ થઈ ગયા હતા.

વસાવાએ એમ પણ કહ્યું કે, મને ભાજપમાં જોડવા માટે અનેક નેતાઓ દબાણ કરી રહ્યા છે, પરંતુ તેઓ મને ભાજપમાં જોડવાનો ટાર્ગેટ રાખતા હોય તો મારો પણ ટાર્ગેટ છે કે તાલુકા પંચાયત જિલ્લા પંચાયત ચૂંટણી પહેલા ભાજપના એક લાખ કાર્યકરોને આપમા જોડીશ. ચૈતર વસાવાએ કહ્યું કે ભાજપ તેમના પર પાર્ટીમાં જોડાવા માટે દબાણ કરી રહી છે. ચતર વસાવાએ દાવો કર્યો હતો કે આગામી તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત ચૂંટણીમાં ભાજપનો તમામ વિસ્તારોમાં સફાયો થઈ જશે.

### પ્રદૂષણના કારણે વેપારમાં રોજ ૧૦૦ કરોડનું નુકસાન

# દિલ્હીમાં AQI ૩૦૦ને પાર જતાં શ્વાસ લેવામાં મુશ્કેલી

## લાંબા સમય સુધી આ પ્રદૂષિત હવામાં રહેવાથી શ્વાસ લેવામાં તકલીફ, આંખોમાં બળતરા તથા હૃદય અને ફેફસાંની બીમારીઓ વધી શકે છે

નવી દિલ્હી, તા.૧૦

દિલ્હી અને તેની આસપાસના NCR વિસ્તારમાં વાયુ પ્રદૂષણની સ્થિતિ ફરી ગંભીર બની છે, સમગ્ર શહેર પર ધુમાડાનું ગાઢ આવરણ છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB) મુજબ, સોમવારે સવારે દિલ્હીનો સરેરાશ AQI 372 (ગંભીર શ્રેણી) નોંધાયો, જે સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક છે.

શહેરના મોટાભાગના વિસ્તારોમાં AQI ૩૦૦થી ૪૦૦ વચ્ચે રહ્યો. NCR શહેરોમાં પણ સ્થિતિ ખરાબ છે, જેમાં ફરીદાબાદ (૩૧૨), ગાઝિયાબાદ (૩૧૮), ગ્રેટર નોઈડા (૩૨૫), ગુરુગ્રામ (૩૨૮) અને નોઈડા(૩૧૦)માં AQI અત્યંત ખરાબથી ગંભીર શ્રેણીમાં નોંધાયો છે.

પર્યાવરણ નિષ્ણાતોના મતે, લાંબા સમય સુધી આ પ્રદૂષિત હવામાં રહેવાથી શ્વાસ લેવામાં તકલીફ, આંખોમાં બળતરા તથા હૃદય અને ફેફસાંની બીમારીઓ વધી શકે છે. ઘણા લોકોએ શ્વાસ ફૂલવો, ગળામાં ખંજવાળ આવવાની ફરિયાદો કરી છે. બીજી તરફ, દિલ્હી-એનસીઆરમાં ઠંડી પણ વધી રહી છે. લઘુત્તમ તાપમાન 11°C (સામાન્ય કરતાં ૩ ડિગ્રી ઓછું) અને દિવસનું તાપમાન 27-28°C આસપાસ જળવાયું છે. હવામાન વિભાગ અનુસાર, ૧૫-૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઠંડી હવાને કારણે સવાર-સાંજ વધુ ઠંડી અનુભવાશે.

હવામાન વૈજ્ઞાનિકો અનુસાર, હવાની ધીમી ગતિ, તાપમાનમાં ઘટાડો અને વધેલા ભેજના કારણે પ્રદૂષકો હવામાં ઉપર જઈ શકતા નથી. તેમજ આસપાસના રાજ્યોમાં પરાળ સળગાવવાથી ધુમાડો અને પ્રદૂષણનું સ્તર ગાઢ બની રહ્યું છે. જેથી સરકાર દ્વારા વાહનો પર પ્રતિબંધ, બાંધકામ નિયંત્રણ અને એન્ટી-સ્મોગ ગનનો ઉપયોગ જેવા પગલાં લેવા છતાં પરિસ્થિતિમાં ખાસ સુધારો જોવા મળતો નથી. ડૉક્ટરોની સલાહ છે કે, લોકો, ખાસ કરીને બાળકો અને વૃદ્ધો, બહાર ઓછું નીકળે અને બહાર જાય ત્યારે દ્ર-૯૫ માસ્ક પહેરે.

દિલ્હી-એનસીઆરમાં વધી રહેલું વાયુ પ્રદૂષણ, જેની ગુણવત્તા ગંભીર શ્રેણીમાં પહોંચી ગઈ છે, તે હવે લોકોના સ્વાસ્થ્યની સાથે કારોબાર પર પણ ગંભીર અસર કરી રહ્યું છે. રિટેલ બજારોમાં ગ્રાહકો ખરીદી માટે આવવાનું ટાળતા હોવાથી વેપારીઓની ચિંતા વધી છે.આ ગંભીર પરિસ્થિતિને લઈને ચેમ્બર ઑફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી(CTI)ના ચેરમેન બ્રિજેશ ગોયલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. તેમણે પ્રદૂષણ નિયંત્રણ માટે દિલ્હી, હરિયાણા, પંજાબ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનની સરકારોની ઈમરજન્સી મીટિંગ બોલાવવાની માંગ કરી છે.

બ્રિજેશ ગોયલના જણાવ્યા મુજબ, પ્રદૂષણના કારણે દિલ્હી-એનસીઆરના બજારોમાં ગ્રાહકોની સંખ્યા ૩-૪ લાખથી ઘટીને લગભગ ૧ લાખ થઈ ગઈ છે. પ્રદૂષણના ડરથી, ખાસ કરીને શ્વાસના દર્દીઓ, ઘરની બહાર નીકળતા નથી. તેમજ લગ્ન-પ્રસંગોની સિઝન હોવા છતાં, બજારોમાં રોનકને બદલે સન્નાટો છે અને ગ્રાહકો આવતા નથી. જેના કારણે દિલ્હીના વેપારને દરરોજ લગભગ ૧૦૦ કરોડનું નુકસાન થઈ રહ્યું છે.

### રિસર્ચના આધારે વિજ્ઞાનીઓની ચેતવણી

# વધારે પડતી ઠંડી કે ગરમી હાર્ટ ફેલ્યોરનું જોખમ વધારે

## રિસર્ચ ટીમે ૨૦૦૬ થી ૨૦૨૧ની વચ્ચે સ્વીડનમાં મૃત્યુ પામેલા હૃદયરોગના દર્દીઓના ડેટાનો અભ્યાસ કર્યો હતો

નવી દિલ્હી, તા.૧૦

વિશ્વભરમાં ક્લાઈમેટ ચેન્જની વરવી અસરો જોવા મળી રહી છે. આ દરમિયાન સ્વીડનના એક રિસર્ચ રિપોર્ટના ચોંકાવનારા તારણો સામે આવ્યા છે. વૈજ્ઞાનિકોએ ચેતવણી આપી છે કે, અતિ ઠંડા કે અતિ ગરમ વાતાવરણમાં હાર્ટ ફેલ્યોરથી મોતનું જોખમ નોંધપાત્ર રીતે વધી જાય છે. ૨૦૨૫માં હીટવેવના દિવસોમાં એવરેજ ૩૦ દિવસનો વધારો નોંધાયો હતો. ત્યારે, આ ડેટાએ ચિંતા વધારી છે. હાર્વર્ડ ટી.એચ. ચાન સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થના નિષ્ણાત વેનલી ની અને સ્વીડિશ સહયોગીઓની ટીમની રિસર્ચ જામા કાર્ડિયોલોજી જર્નલમાં પ્રકાશિત કરવામાં આવી છે. જેમાં, હાર્ટ ફેલ્યોરના દર્દીઓમાં અતિશય ગરમી કે ઠંડીના સંપર્ક અને મોતના જોખમ સાથે સીધો સંબંધ હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. રિસર્ચ ટીમે ૨૦૦૬ થી ૨૦૨૧ની વચ્ચે સ્વીડનમાં મૃત્યુ પામેલા હૃદયરોગના દર્દીઓના ડેટાનો અભ્યાસ કર્યો હતો. આ સ્ટડીમાં સામે આવ્યું છે કે, ઠંડીના કારણે મોતનું જોખમ ૧૨ ટકા વધી જાય છે. જ્યારે, ગરમીના કારણે જોખમમાં ૭ ટકાનો વધારો થાય છે.હૃદયરોગના દર્દીઓમાં શરીર થર્મલ સ્ટ્રેસ હેઠળ ફ્લુઈડ્સ અને બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવા માટે સંઘર્ષ કરે છે. જેના કારણે હૃદયના ધબકારા વધી જાય છે. આ દર્દીઓ તાપમાનના અતિરેકને સહન કરી શકતા નથી. ડોક્ટરોના જણાવ્યા અનુસાર, અતિ ગરમી કે અતિ ઠંડી દરમિયાન બહાર જવાનું ટાળવું. ઘરમાં એર કન્ડિશનર કે હીટરનો યોગ્ય ઉપયોગ કરીને તાપમાનને નિયંત્રિત રાખવું. ગરમીમાં ડિહાઈડ્રેશનને કારણે હાર્ટ પર સ્ટ્રેસ વધતો હોવાથી પૂરતું પાણી પીવું. હાર્ટ પેશન્ટએ દવાઓ અને આરામનું નિયમિત પાલન કરવું. આ સ્ટડીથી સાબિત થયું છે કે, હવે હવામાનને પણ હાર્ટ હેલ્થનો ભાગ ગણવો પડશે.

### સુપ્રીમ કોર્ટે ટાઈમ લાઈન માંગી

# લોકસભા અને વિધાનસભામાં મહિલા અનામત મુદ્દે સુપ્રીમ કોર્ટની કેન્દ્રને નોટિસ

## કોંગ્રેસ નેતા જયા ઠાકુરે કોર્ટમાં અરજી દાખલ કરી છે, તેમાં માંગ કરાઈ છે કે, મહિલા અનામત તાત્કાલિક લાગુ કરવામાં આવે

નવી દિલ્હી, તા.૧૦

લોકસભા અને વિધાનસભામાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપતા 'નારી શક્તિ વંદન અધિનિયમ' (મહિલા અનામત કાયદો)ના અમલને લઈને સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસેથી જવાબ માંગ્યો છે. કોર્ટે સરકારને પૂછ્યું છે કે, આ કાયદો લાગુ કરવા માટેની સમયરેખા શું છે ? કોર્ટે એમ પણ કહ્યું કે, સંસદ દ્વારા કાયદો પસાર થઈ ગયો હોવા છતાં તેને લાગુ કરવામાં વિલંબ શા માટે થઈ રહ્યો છે? વાસ્તવમાં કોંગ્રેસ નેતા જયા ઠાકુરે કોર્ટમાં અરજી દાખલ કરી છે. તેમાં માંગ કરાઈ છે કે, મહિલા અનામત તાત્કાલિક લાગુ કરવામાં આવે. અરજીમાં કહેવાયું છે કે, કાયદામાં રાખવામાં આવેલી 'પરિસીમન પછી લાગુ કરવાની' શરતને દૂર કરવામાં આવે અને અનામત તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવે. સુનાવણી દરમિયાન વરિષ્ઠ અધિવક્તા શોભા ગુપ્તાએ કહ્યું કે, 'જ્યારે આ કાયદો નારી શક્તિ વંદન અધિનિયમના નામથી પસાર થયો છે,

તો તેને લાગુ કરવામાં વિલંબ શા માટે થઈ રહ્યો છે? આ દુઃખદ છે કે, આઝાદીના ૭૫ વર્ષ બાદ પણ આપણે સંસદમાં પ્રતિનિધિત્વ માટે અનામત માંગવું પડી રહ્યું છે. જો એસસી-એસટી માટે વસતી ગણતરી કે પરિસીમન વગર અનામત લાગુ કરી શકાય છે, તો મહિલાઓ માટે અનામત કેમ લાગુ કરી શકાયો નથી? સંસદે મહિલા અનામનો કાયદો વિશેષ સત્રમાં પસાર કર્યો હતો, જે દર્શાવે છે કે સરકાર પાસે જરૂરી ડેટા પહેલેથી જ ઉપલબ્ધ હતો.' જસ્ટિસ જે. નાગરત્નાએ કહ્યું કે, મહિલાઓ દેશની સૌથી મોટી લઘુમતી છે. તેમણે કેન્દ્ર સરકારને પૂછ્યું કે પરિસીમનની પ્રક્રિયા ક્યારે શરૂ થશે? કાયદો લાગુ કરવો એ સરકાર અને કાર્યપાલિકાની જવાબદારી છે, પરંતુ અદાલત ચોક્કસ પૂછી શકે છે કે, તેને લાગુ કરવાની ટાઈમલાઈન શું છે? છેવટે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ જારી કરીને નિર્દેશ આપ્યો છે કે, કેન્દ્ર સરકાર સ્પષ્ટ કરે કે, વસ્તી ગણતરી અને પરિસીમનની પ્રક્રિયા ક્યારે શરૂ થશે અને મહિલા અનામત ક્યારે લાગુ કરવામાં આવશે?

# સાવરકુંડલા ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા કન્ઝયુમર કલબના ચેક વિતરણ તથા ગ્રાહક સુરક્ષા શિબિર યોજાઈ



સાવરકુંડલા ગ્રાહક સુરક્ષા મંડળ આયોજિત અહીં અધ્યાપન મંદિર ખાતે આજરોજ બપોરના ચાર કલાકે જિલ્લા તોલમાપ અને ગ્રાહક સુરક્ષા અધિકારીની પ્રેરક ઉપસ્થિતિમાં કન્ઝયુમર કલબના ચેક વિતરણ અને ગ્રાહક સુરક્ષા જાગૃતિ શિબિર યોજાઈ. જેમાં વિવિધ હાઈસ્કૂલમાં ગ્રાહક સુરક્ષા મંડળ સાવરકુંડલા દ્વારા સંચાલિત કન્ઝયુમર કલબના પ્રતિનિધિઓને સરકાર તરફથી આપવામાં આવતી ૪૦૦૦ રૂપિયાની રકમના ચેકનું વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે જિલ્લા તોલમાપ અને ગ્રાહક સુરક્ષા અધિકારી બારૈયા , સાવરકુંડલા નગરપાલિકા પૂર્વ પ્રમુખ રાજુભાઈ દોશી, સાવરકુંડલા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મહેશભાઈ મશરૂ સમેત શહેરના અગ્રણીઓની ઉપસ્થિતિમાં ગ્રાહક સુરક્ષા જાગૃતિ સંદર્ભે વકતાઓ દ્વારા મનનીય ચિંતન રજૂ કરવામાં આવેલ. આ પ્રસંગે સાવરકુંડલા તાલુકા તેમજ આસપાસના વિસ્તારોમાં આ ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા ચાલતી કન્ઝયુમર કલબના પ્રતિનિધિઓને ચેક વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે રમેશભાઈ હીરાણી, રવિભાઈ મહેતા, બિપીનભાઈ પાંધી, પ્રણવભાઈ જોષી, હર્ષદભાઈ જોશી સમેત તમામે ભારે જહેમત ઉઠાવી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું સરવડા ગામમાં બે સિંહોની

ગત મધરાતે બે સિંહો બિન્દાસ રીતે ગામની શેરીમાં ફરતા જોવા મળ્યા હતા. ગામના સીસીટીવી કેમેરામાં આ સિંહોનું સમગ્ર દશ્ય કેદ થયું છે, જેમાં બંને સિંહો નિર્ભય રીતે એક ઘર પાસેથી પસાર થતા અને શિકારની શોધમાં આસપાસ ચક્કર મારતા નજરે પડે છે.

ગામ લોકોના જણાવ્યા મુજબ, રાત્રિના સમયે અચાનક કૂતરાંઓના ભસવાથી ગામલોકો ચોંકી ઉઠ્યા અને બહાર જોયું તો બે પુખ્ત સિંહો શેરીમાં ફરી રહ્યા હતા. ઘટનાની જાણ થતાં જ જાફરાબાદ રેન્જના વન અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. વનવિભાગ દ્વારા ગામના પ્રવેશદ્વારોએ ચેતવણીના બોર્ડ લગાવવામાં આવ્યા છે અને ગામ લોકોને રાત્રે ઘરની બહાર ન નીકળવા સૂચના આપવામાં આવી છે.

આ વિસ્તાર અરબી સમુદ્રની પાસે આવેલ હોવાથી અહીં દર વર્ષે અનેકવાર સિંહોની હાજરી જોવા મળે છે. ખાસ કરીને હિપાવાદ, બારડા, અને સરવડા જેવા વિસ્તારોમાં સિંહો ખોરાક અને પાણીની શોધમાં દરિયાકાંઠા તરફ લટાર મારતા હોય છે. સ્થાનિક લોકો હવે આ દશ્યોથી પરિચિત થઈ ગયા છે, પરંતુ તાજેતરના વાયરલ વીડિયોએ ફરી એકવાર સૌને ચોંકાવી દીધા છે. વનવિભાગે જણાવ્યું છે કે સિંહો હાલમાં જંગલ વિસ્તારમાં પાછા વળી ગયા છે, અને તેમની હલચલ પર સતત મોનીટરીંગ ચાલુ છે. જાફરાબાદનો દરિયાકાંઠો હવે ફરી સિંહરાજાના રાજથી ગુંજી ઉઠ્યો છે.

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલા કેન્દ્ર પરથી ટેકાના ભાવે

પ્રસ્થાપિત સિસ્ટમથી ખરીદી કરવાની નીતી અન્વયે ભારત સરકારની નોડલ એજન્સી– નાર્કેડ અને રાજયની નોડલ એજન્સી ગુજરાત સ્ટેટ કો–ઓપ. માર્કેટીંગ ફેડરેશન લી. (ગુજકોમાસોલ)ને રાજયના મોટાભાગના જીલ્લામાં ખરીદી કરવાની કામગીરી સોંપેલ છે. તે અંતર્ગત ગુજકોમાસોલના ચેરમેન અને રાષ્ટ્રીય ક્ષેત્રે સહકારી નેતૃત્વ સંભાળી રહેલા દિલીપભાઈ સંઘાણીના માર્ગદર્શન નીચે ગુજકોમાસોલ તરફથી વિવિધ કેન્દ્રો મંજુર કરી ખરીદી કરવામાં આવશે. જે મુજબ સાવરકુંડલા કેન્દ્ર માટે તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘને મંજુરી મળતા સાવરકુંડલા એ.પી.એમ.સી. કેન્દ્ર ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, સાવરકુંડલા એ.પી.એમ.સી અને તાલુકા સંઘના ચેરમેન દિપકભાઈ માલાણી સહીત વિવિધ પદાધિકારીઓ, અગ્રણીઓ અને ખેડુતોની ઉપસ્થિતીમાં ટેકાના ભાવથી મગફળી ખરીદી કેન્દ્રનો શુભપ્રારંભ કરવામાં આવ્યો. જેમાં સરકાર દવારા પ્રતિ કવિન્ટલ રૂા. ૭૨૬૩ (પ્રતિમણ રૂા. ૧૪૫૨.૬૦)ના ભાવથી ખરીદી કરવાનો નીતી વિષયક નિર્ણય કરેલ છે. આ પ્રસંગે પત્રકાર પરીષદ સમક્ષ ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને યાર્ડના ચેરમેન દિપકભાઈ માલાણીએ સરકાર તરફથી રૂા.૧૫ હજાર કરોડથી વધુની ટેકાના ભાવે ખરીદી કરવાના નિર્ણયને અને ગુજરાત સરકાર દ્વારા ખેડુત હીતમાં જાહેર થયેલું રૂા.૧૦ હજાર કરોડનું અત્યાર સુધીનું સૌથી મોટા કૃષિ રાહત પેકેજને આવકારી સરકારશ્રીનો આભાર વ્યકત કરેલ. આ પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખશ્રી રજનીભાઈ ડોબરીયા, એ.પી.એમ.સી સા.કુ.ના વા.ચેરમેન મહેશભાઈ લખાણી, પુર્વ ચેરમેન અરવિંદભાઈ માંગુકીયા, એપીએમસી ડીરેકટર જસુભાઈ ખુમાણ, રમેશભાઈ રાદડીયા, અીનભાઈ માલાણી, બાબુભાઈ માલાણી, કલ્પેશભાઈ ઠુંમર, સંઘના ડીરેકટર બટુકભાઈ રૂપારેલીયા, મનસુખભાઈ દેસાઈ, ગુજકોમાસોલના અધિકારી રાજાભાઈ બારડ, વેપારી મહામંડળના પ્રમુખ સુરેશભાઈ ગજેરા, નવનીતભાઈ હરીયાણી સહીત વેપારી મિત્રો, સહકારી આગેવાનો, ખેડુતભાઈઓ ઉપસ્થિત રહેલ. વર્તમાન પરીસ્થિતીને ધ્યાનમાં રાખીને આ કાર્યક્રમ બિલકુલ સાદાઈથી કરવામાં આવેલ હતો. આ ખરીદીનો શુભારંભ કરાવવાની વ્યવસ્થા માટે તાલુકા સંઘના મેનેજર રાજુભાઈ માલાણી અને સ્ટાફગણ તેમજ એ.પી.એમ.સી. ના સેક્રેટરી જે.વી. માલાણી અને સ્ટાફગણે સહીયારી જહેમત ઉઠાવી હતી.

# જમીન ન હોય તો હવે ખેડૂતને કાળજી લેવાની જરૂર નથી, અપનાવો વર્ટિકલ ફાર્મિંગની નવી ટેક્નિક

અમરેલી, તા. ૧૦

આજના યુગમાં ખેતી માટે જમીન હોવી જરૂરી નથી. વર્ટિકલ ફાર્મિંગની નવીન અને આધુનિક ખેતી પદ્ધતિના સહારે હવે તમે તમારા ઘરની દીવાલો પર જ ખેતી કરી શકો છો. ફળો અને શાકભાજી ઉગાડી શકાય તેવી આ પદ્ધતિ પર્યાવરણ માટે પણ લાભદાયક છે અને ઓછી કિંમતમાં વધુ નફો મેળવવાનો સારો વિકલ્પ છે. દેશભરમાં અનેક ખેડૂતો એવા છે, જેમને પોતાની ખેતીની જમીન નથી, છતાં તેઓ ખેતી દ્વારા વધુ આવક મેળવી રહ્યા છે. આ ખૂબ જ આશ્ચર્યજનક બાબત છે. વર્ટિકલ ફાર્મિંગ એ આવી પદ્ધતિ છે કે જેના થકી તમે જમીન વિના પણ સરળતાથી ખેતી કરી શકો છો. ઘરની દીવાલ પર ગમલા દ્વારા છોડ ઉગાડવામાં આવે છે. આ ગમલાને ખાસ રીતે લગાવવામાં આવે છે જેથી તે સલામત રીતે ટકી રહે. પાણી આપવાની વ્યવસ્થા માટે પિવીસી પાઈપ



કે બાંસની પાતળી પાઈપ વાપરવામાં આવે છે. આ પદ્ધતિની શરૂઆત ઈઝરાયેલમાં થઈ હતી, જયાં ૬૦ ટકા વિસ્તાર રણપ્રદેશ છે અને ખેતી માટે જમીન મળવી મુશ્કેલ છે. ત્યાંના નાગરિકોએ શહેરોમાં રહીને પણ ઘરની દીવાલો પર ખેતી શરૂ કરી છે. આજે ઈઝરાયેલમાં અનેક લોકો ઘરની દીવાલો પર આ ટેકનિકથી શાકભાજી ઉગાડી રહ્યા છે. વર્તમાન સમયમાં ખાસ કરીને શહેરોમાં રહેતા લોકો માટે આ પદ્ધતિ ખુબ જ ઉપયોગી સાબિત થઈ રહી છે. ઉનાળામાં ઘરની દીવાલો ઠંડી રહે છે અને સાથે નફાકારક ખેતી પણ થાય છે. આ રીતે વર્ટિકલ ફાર્મિંગ ખેતીનું ભવિષ્ય બની શકે છે.

–મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨૨૧૯૯૯)

## પાના ૮ ઉપરનું ચાલું લાઠીનાં ધારાસભ્ય જનક તળાવીયાએ

તળાવિયાએ પાટીદાર નેતા અલ્પેશ કથીરીયાનો વીડિયો ઈન્સ્ટાગ્રામ પર રીપોસ્ટ કરતા રાજકીય ગરમાવો સર્જાયો છે. કથીરીયા પોતાના વીડિયોમાં પાટીદાર સમાજની એકતા અને રાજકીય મહત્વ પર ચર્ચા કરતા જોવા મળે છે, સાથે જ અમરેલી જિલ્લાના સલડી, કુલઝર સહિતના વિસ્તારોમાં થયેલ તાજેતરના વિવાદોનો ઉલ્લેખ પણ કરે છે.

આ વીડિયોમાં કથીરીયા આગામી ચૂંટણીમાં ૨૭ ટકા ઓબીસી નિયમ લાગુ પડવાની બાબતે પણ ચર્ચા કરે છે અને કેટલાક રાજકીય પક્ષો પર આ નિયમને બહાના તરીકે ઉપયોગ કરવાનો આરોપ મૂકે છે. તેમના આ નિવેદનને કારણે રાજકીય વર્તુળોમાં વિવાદ ઊભો થયો છે.

ધારાસભ્યએ આ વીડિયો રીપોસ્ટ કર્યા બાદ અનેક તર્ક–વિતર્ક શરૂ થઈ ગયા છે. કેટલાક લોકો માને છે કે ધારાસભ્યે માત્ર સમાજની એકતાનો સંદેશ આપતા વીડિયોને શેર કર્યો છે, જયારે વિરોધીઓનો આક્ષેપ છે કે આ પગલું કથીરીયાને આડકતરો સમર્થન આપવા સમાન છે.

સોશિયલ મીડિયા પર લોકો વચ્ચે પણ મતભેદ જોવા મળી રહ્યા છે એક તરફ લોકો તળાવિયાની હિંમતની પ્રશંસા કરી રહ્યા છે, તો બીજી તરફ કેટલાક ભાજપ કાર્યકરો આ પોસ્ટથી અસંતુષ્ટ જણાઈ રહ્યા છે.

સ્થાનિક રાજકીય વર્તુળોમાં ચર્ચા ચાલી રહી છે કે શું ધારાસભ્ય જનક તળાવિયાનો આ પગલું પાર્ટીની લાઈનથી વિરૂદ્ધ છે કે માત્ર સામાજિક સંદેશના રૂપમાં જોવું જોઈએ. હાલ આ મુદ્દે ધારાસભ્ય તળાવિયા, અલ્પેશ કથીરીયાએ સત્તાવાર પ્રતિક્રિયા આપેલી નથી, પરંતુ રાજકીય તાપમાન વધ્યું એ નિશ્ચિત છે.

## પાના ૮ ઉપરનું ચાલું લીલીયાથી અંટાળીયા માર્ગ ઉપર

વરાછામાં રહેતા અને મુળ લીલીયા તાલુકાના આંબા ગામના વતની ઘનશ્યામભાઈ નરશીભાઈ મંગાણી નામના ૩૨ વર્ષિય યુવક તથા જાનવીબેન ઘનશ્યામભાઈ મંગાણી ગઈકાલ સાંજે પોતાના હવાલાવાળુ મોટર સાઈકલ નં. જી.જે.–૧૪બીસી–૯૪૯૦ વાળી લઈ ગઢડા (સ્વામી) થી લીલીયા તરફ આવતા હોય. તે દરમ્યાન લીલીયા તાલુકાના અંટાળીયા ગામથી લીલીયા તરફ રોડ ઉપર આવેલ નાળા પાસે પહોંચતા પાછળથી એક સરકારી એસ.ટી. સફેદ–ગ્રે કલરની બસ નં.જી.જે.–૧૮ઝેડ–૪૧૪૮ના ચાલક દિલીપભાઈ ગોકળભાઈ દવેરાએ યુવકની મોટર સાયકલને પુરઝડપે અને બેફીકરાઈથી અને ગફલતભરી રીતે ઓવરટેક કરી યુવકના મોટર સાયકલને બસની પાછળના ભાગે અથડાવી દેતા યુવકને જમણા પગના ગોઠણે ઈજા તથા મોટર સાયકલની પાછળ બેઠેલા જાનવીબેનને શરીરે ગંભીર ઈજાઓ કરી તેનુ મોત નિપજાવી દીધાની એસ.ટી.ના ચાલક સામે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

# અમરેલી નાગરિક સહકારી બેન્ક લી. દ્વારા સભાસદોના વારસદારોને અકસ્માત મૃત્યુ સહાય પેટે રૂા. ૧ લાખ ચુકવાયા

અમરેલી, તા. ૧૦

અમરેલી નાગરિક સહકારી બેંક લી. ના સભાસદ અકસ્માત વિમા સહાય યોજનામાં મૃત્યુ પામેલ સભાસદોના બંને વારસદારોને બેંક તરફથી રૂા. ૧ – ૧ લાખની સહાય આપવાની યોજના અન્વયે (૧) સ્વ. પંકજકુમાર જયંતિલાલ જેઠવાના વારસદાર તેમના પુત્રશ્રી તેજસભાઈ પંકજભાઈ જેઠવા, (૨) સ્વ. ભાસ્કરભાઈ નટવરભાઈ ભટ્ટના વારસદાર તેમના પત્ની અલ્કાબેન ભાસ્કરભાઈ ભટ્ટને ચેક આપવામાં આવેલ છે.



ઉપરોકત સભાસદના વારસદારને રૂા.૧ લાખના ચેકનું અર્પણ બેંકના ડિરેકટર પી. પી. સોજીત્રા તથા ડિરેકટર શૈલેષભાઈ બી. સંઘાણી તેમજ બેંકના મેનેજીંગ ડિરેકટર/સીઈઓ દિલીપભાઈ ધોરાજીયા દ્વારા કરવામાં આવેલ છે. અમરેલી નાગરિક સહકારી બેંકે સભાસદ પ્રત્યેની કુટુંબ ભાવના વ્યકત કરીને સભાસદો પ્રત્યેનું ઋણ અદા કરેલ છે એમ બેંકના મેનેજર સંજયભાઈ રાજપરાની સંયુકત યાદીમાં જણાવેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું ૧૪.૯૦ લાખની છેતરપીંડી

તાલુકાના દાઠા ગામે રહેતા આરોપી શકિતસિંહ સરવૈયા તથા શૈલેષભાઈ વિનુભાઈ શિયાળ સાથે રાજુલા મુકામે આવી રૂપિયા પડાવી લઈ તથા આરોપી વિશાલભાઈ મો.નં.૯૯૨૪૭૨૫૧૩૪ વાળાએ ડ્રાઈવર પાસેથી આંગડીયા મારફતે છેતરપીંડીના રૂપિયા મેળવી કુલ રૂપિયા ૧૪,૯૦,૦૦૦ રૂપિયા તથા ઓરીજનલ ડોકયુમેન્ટ પણ ડ્રાઈવર પાસેથી લઈ જઈ સ્ટાફ નર્સની નોકરી અપાવવાના વાયદાઓ આપી સ્ટાફ નર્સની નોકરી નહી અપાવી ડ્રાઈવર સાથે વિસઘાત કરી છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## પાના ૧ ઉપરનું ચાલું તાપમાન ૧૫ ડીગ્રીથી નીચે આવ્યું

રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લાની ભૌગોલિક સ્થિતિ જ કંઈ એવી છે કે અહીં સૌથી વધારે ગરમી પડે છે, સૌથી વધુ વરસાદ અને ઠંડી પણ પ્રમાણમાં વધારે પડતી હોય છે. ડિસેમ્બર મહિનામાં અહીંનું સામાન્ય લઘુતમ તાપમાન ૬ થી ૮ ડીગ્રી સે. થઈ જાય છે.

આજની તારીખે અમરેલીનું લઘુતમ ૧૪–૫ ડીગ્રી નોંધાયું હતું. જયારે ગીરકાંઠાના ધારી ગામે ૧૫ ડીગ્રી નોંધાયું છે. હજુ તો ઠંડીની શરૂઆત થવા જઈ રહી છે. ત્યારે ચાલું શિયાળાનો અસલી રંગ હવે પછી જોવા મળશે.

## પાના ૮ ઉપરનું ચાલું ગુજરાતમાં કોંગ્રેસ અને "આપ"

કોંગ્રેસની બેઠકમાં ઐતિહાસિક ઘટાડો થયો તેમ આગામી પંચાયતો અને પાલિકા અને બાદ વિધાનસભા અને લોકસભા ચૂંટણીમાં પણ ભાજપ માટે ત્રિપાંખિયો જંગ શુકનવંતો થશે.

વધુમાં જણાવ્યું કે, ભાજપ પાસે મજબુત સંગઠન, શહેરી વિસ્તારોમાં કરેલ વિકાસ કાર્યો, સત્તાનો લાભ, કાર્યકરોની ફોઝ જેવા પરિબળો હોવાથી ભાજપ પાસે પાયાની ૪૦ ટકા વોટ બેન્ક વર્ષોથી ટકી રહી છે. જો ત્રિપાંખિયો જંગ થાય તો ભાજપ ૪૦ ટકા મતોમાં પણ તમામ સંસ્થાની ચૂંટણીમાં સફળતા મેળવી શકે તેમાં કોઈ શંકા નથી.

ભાજપ વિરોધી ૧૦થી ૧૫ ટકા મતો અપક્ષો, અન્ય બીજા નાના રાજકીય પક્ષો અને નોટોમાં જતાં રહે એટલે માત્ર ૩૫ થી ૪૦ ટકા વિરોધી મતોનું વિભાજન "આપ" અને કોંગ્રેસમાં થાય એટલે ભાજપને સફળતા ચોકકસ મળે. પરંતુ, જો "આપ" અને કોંગ્રેસ વચ્ચે ગઠબંધન થાય તો જ ભાજપને વિજેતા થવા સંઘર્ષ કરવો પડે. પરંતુ વર્તમાન પરિસ્થિતિ જોતા "આપ" અને કોંગ્રેસનું ગઠબંધન થાય તેવું લાગતું નથી. બાકી ભવિષ્યમાં શું થાય તેના પર પરિણામનો આધાર રહે.

## પાના ૮ ઉપરનું ચાલું જાફરાબાદથી રાજુલા માર્ગ

ખાડાઓ પરંતુ માર્ગ મકાન વિભાગના કાને બહેરાશ વ્યાપી છે. પી. ડબલ્યુ. ડી. લાખોનું પુરાણ કરે છે. એટલામાં નવો રસ્તો બની જાય પણ આ રોડ/રસ્તાનું ખાતું પણ સુગરનાં રોગ જેવું છે. ડોક્ટર દવા આપી એ રાખે અને દર્દી દવા લેઈ રાખે ડોક્ટરના ફેર ઘટે ના સુગરનો રોગ અનેક ચર્ચાઓ વાહનચાલકોમાંથી થઈ રહી છે. હાલ જાફરાબાદ રાજુલા રોડ અતિ ભયજનક બિસ્માર માર્ગોના કારણે થતા અકસ્માતોથી અમૂલ્ય જીંદગીઓ છીનવાઈ રહી હોય પરંતુ માર્ગ મકાન દ્વારા યુધ્ધના ધોરણે કામગીરી કરવામાં આવશે ? અનેક પ્રશ્નો વાહનચાલકોમાંથી ઊપજી રહ્યા છે. જાફરાબાદ નવા બ્રિજ ઉપર પડેલા ખાડાઓમાંથી લોખંડના સળિયા દેખાવા લાગ્યા હોય કોઈ સળિયો ટુ વ્હીલર ચાલકોના વ્હીલમાં ખુંચી જાય અને ન કરે નારાયણ કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ તે પહેલાં તંત્ર ધ્યાન ઉપર લેશે?

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૪૦ | ૧૫૦૬ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૨૬ | ૧૧૯૫ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૧૧૧૨ | ૧૧૧૨ |
| ૩ | ગીરનાર શીંગ | ૮૨૨ | ૧૨૦૮ |
| ૪ | શિંગ મોટી | ૭૦૬ | ૧૨૮૦ |
| ૫ | શિંગદાણા | ૧૦૦૦ | ૧૨૦૮ |
| ૬ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૭૦૨ |
| ૭ | તલ કાળા | ૨૫૦૦ | ૫૪૨૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૬૦૦ | ૨૪૬૧ |
| ૯ | જુવાર | ૩૯૮ | ૪૫૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૦૪ | ૬૧૨ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૯૦ | ૫૮૮ |
| ૧૨ | મગ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ૧૩ | અડદ | ૭૪૦ | ૧૧૭૦ |
| ૧૪ | ચણા | ૯૦૧ | ૧૧૮૧ |
| ૧૫ | સફેદ ચણા | ૮૦૦ | ૧૧૦૧ |
| ૧૬ | છોલે ચણા | ૧૩૨૦ | ૧૭૫૫ |
| ૧૭ | ચોળી | ૪૦૦ | ૯૬૦ |
| ૧૮ | તુવેર | ૯૮૦ | ૧૩૪૫ |
| ૧૯ | કપાસ | ૮૦૦ | ૧૫૬૯ |
| ૨૦ | એરંડા | ૧૨૦૧ | ૧૨૭૭ |
| ૨૧ | જીરૂ | ૩૩૦૦ | ૩૭૧૦ |
| ૨૨ | ધાણા | ૧૦૯૦ | ૧૩૩૦ |
| ૨૩ | મેથી | ૮૦૦ | ૯૩૫ |
| ૨૪ | સોયાબીન | ૭૪૦ | ૯૦૩ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૫૦ | ૧૧૦૦ |
| ૨ | શીંગ મોટી | ૮૮૦ | ૧૨૧૧ |
| ૩ | તલ સફેદ | ૨૨૫૦ | ૨૪૦૧ |
| ૪ | તલ કાળા | ૫૦૦૦ | ૫૪૦૦ |
| ૫ | જીરૂ | ૩૫૦૦ | ૩૮૦૦ |
| ૬ | કપાસ | ૧૨૦૦ | ૧૫૫૨ |
| ૭ | ઘઉં લોકવન | ૪૯૮ | ૬૦૬ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૬ | ૬૧૬ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૫૮૧ |
| ૧૦ | જુવાર | ૫૦૦ | ૯૪૬ |
| ૧૧ | મકાઈ | ૪૦૫ | ૫૭૦ |
| ૧૨ | મગ | ૧૦૭૫ | – |
| ૧૩ | અડદ | ૮૩૦ | ૧૧૩૨ |
| ૧૪ | ચણા | ૯૦૦ | ૧૨૭૧ |
| ૧૫ | તુવેર | ૧૦૦૧ | – |
| ૧૬ | એરંડી | ૭૦૨ | – |
| ૧૭ | મેથી | ૮૩૫ | – |
| ૧૮ | ધાણા | ૧૨૪૫ | – |
| ૧૯ | સોયાબીન | ૭૫૦ | ૯૦૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૦૦ | ૧૫૩૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૮૦ | ૧૨૫૦ |
| ૩ | મગફળી | ૯૬૨ | ૧૧૭૮ |
| ૪ | તલ સફેદ | ૧૫૯૦ | ૨૨૦૦ |
| ૫ | જીરૂ | ૩૦૩૫ | ૩૬૭૫ |
| ૬ | ઘઉં | ૪૭૫ | ૫૧૫ |
| ૭ | ચણા | ૯૬૬ | ૧૧૪૪ |
| ૮ | મગ | ૧૧૯૦ | ૧૫૫૦ |
| ૯ | અડદ | ૯૯૦ | ૧૧૮૦ |
| ૧૦ | સોયાબીન | ૭૯૭ | ૮૪૩ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૨૪ |
| ૨ | ઘઉં લોકવન | ૪૬૨ | ૪૯૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૯ |
| ૪ | ચણા | ૯૩૦ | ૧૦૯૦ |
| ૫ | ચણા સફેદ | ૯૪૦ | ૧૪૩૫ |
| ૬ | ચણા છોલે | ૧૭૦૦ | ૧૭૨૦ |
| ૭ | અડદ | ૮૨૦ | ૯૦૫ |
| ૮ | જુવાર | ૪૦૦ | ૬૦૦ |
| ૯ | ધાણા | ૧૨૫૦ | ૧૪૫૫ |
| ૧૦ | તુવેર | ૯૯૦ | ૧૦૦૦ |
| ૧૧ | રજકાબી | ૬૦૦૦ | ૬૫૦૦ |
| ૧૨ | સોયાબીન | ૬૮૦ | ૮૬૧ |
| ૧૩ | તલ | ૧૪૧૫ | ૨૨૨૦ |
| ૧૪ | શીંગદાણા | ૯૨૦ | ૧૦૬૦ |
| ૧૫ | મગફળી | ૭૫૦ | ૮૯૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૧૪૧ | ૧૪૭૬ |
| ૨ | કપાસ કોડી | ૭૩૫ | ૧૦૩૦ |
| ૩ | મગફળી | ૭૩૫ | ૧૧૦૬ |
| ૪ | ઘઉં | ૪૦૦ | ૫૩૫ |
| ૫ | ચણા | ૯૬૦ | ૧૧૦૦ |
| ૬ | અડદ | ૭૦૦ | ૧૧૦૦ |
| ૭ | એરંડા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૮ | ધાણા | ૧૦૦૧ | ૧૪૦૦ |
| ૯ | સોયાબીન | ૬૦૧ | ૮૪૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૧ | સફેદ તલ | ૧૩૦૦ | ૧૮૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૬૦૦ | ૧૧૨૩ |
| ૨ | તલ સફેદ | ૧૭૫૦ | ૨૪૦૦ |
| ૩ | તલ કાળા | ૩૦૦૧ | ૫૦૦૫ |
| ૪ | કપાસ | ૭૦૦ | ૧૫૧૧ |
| ૫ | બાજરો | ૩૬૧ | ૫૨૮ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૧૫ |
| ૭ | જુવાર | ૪૦૧ | ૯૫૧ |
| ૮ | મકાઈ | ૪૦૧ | ૪૯૧ |
| ૯ | મગ | ૧૪૦૬ | ૧૪૦૬ |
| ૧૦ | અડદ | ૬૫૪ | ૭૦૦ |
| ૧૧ | ચણા | ૮૦૦ | ૧૧૦૧ |
| ૧૨ | મેથી | ૯૦૧ | ૯૦૧ |
| ૧૩ | સોયાબીન | ૫૨૫ | ૮૪૧ |
| ૧૪ | વાલ | ૯૭૧ | ૯૭૧ |

તદ્દન મફત/વિના મુલ્યે આયુર્વેદિક વિભાગ દ્વારા આયોજીત કેમ્પ
૧ દિવસથી ૧૨ વર્ષનાં બધા બાળકોને શિબિરમાં ડ્રોપ્સ આપવામાં આવશે.
પુષ્યનક્ષત્ર ના શુભ અવસરે સુવર્ણપ્રાશન સંસ્કાર
દ્વારા આપના બાળકને આપો સંપૂર્ણ સ્વાસ્થ્યની સૂવર્ણ ભેટ
તા.૧૧-૧૧-૨૦૨૫, મંગળવાર
સમય : સવારનાં ૯ થી ૧, સાંજના ૫ થી ૮ સુધી
સુવર્ણપ્રાશન દરરોજ પણ આપી શકાય છે | વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો.
કેમ્પનું સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનું)
ચિતલ રોડ, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪
આયુર્વેદ ઈમ્યુનાયઝેશન ફાયદાઓ
◆ યાદશક્તિ અને ગ્રહણશક્તિમાં વધારો ◆ આયુર્વેદીક રસીકરણ
◆ ઉંમર પ્રમાણે વજન અને ઉંચાઈનો વધારો ◆ પાચનશક્તિમાં વધારો
◆ રોગપ્રતિકારક શક્તિ વધવાથી સીઝનલ રોગો ઓછા થવા
◆ મગજતેજ અને બાળક ઉત્સાહી બને


## આગામી સ્થાનિક સ્વરાજયથી લઈને સંસદ સુધીની ચૂંટણીમાં

# ગુજરાતમાં કોંગ્રેસ અને "આપ" ચૂંટણી લડે તો ભાજપને ફાયદો થશે ?

**સત્તાપક્ષ પાસે ૪૦ ટકા મતદારો હોવાથી સામેનાં ૬૦ ટકા મતનું વિભાજન થાય તો ભાજપને ફાયદો**

**સત્તાપક્ષનાં ૧૦ થી ૧૫ ટકા વિરૂધ્ધનાં મતો અપક્ષો કે નોટોમાં જતાં રહેતા હોય છે**

**કોંગ્રેસ અને આપ વચ્ચે બાકીનાં વિરોધી મતોનું વિભાજન થાય એટલે ભાજપને બલ્લે-બલ્લે**

**ગત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની ઐતિહાસિક સફળતા પાછળ પણ ત્રિપાંખિયો જંગ જવાબદાર**

અમરેલી, તા. ૧૦

આગામી વર્ષે જિલ્લા–પાલિકા અને પાલિકા અને બાદનાં વર્ષે વિધાનસભાની ચૂંટણી ગુજરાતમાં યોજાવાની હોય ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી દ્વારા પ્રાથમિક તૈયારીઓ શરૂ થઈ ચુકી હોય તે સમયે સ્વાભાવિક સૌ કોઈમાં પ્રશ્ન ઉપસ્થિત થઈ રહ્યો છે. આગામી ચૂંટણીનું પરિણામ કેવુ હશે. પરંતુ, તટસ્થ રાજકીય નિરીક્ષકો માની રહ્યા છે કે રાજયમાં ભાજપ, આપ અને કોંગ્રેસ વચ્ચે ત્રિપાંખિયો જંગ જામે તો સત્તા પક્ષ ભાજપને જ ફાયદો થશે.

તેઓ જણાવે છે કે, ગત વિધાનસભાની ચૂંટણીમાં રાજયમાં ભાજપને ૧૮૨ માંથી ૧૫૬ બેઠકમાં ઐતિહાસિક સફળતા મળી તેની પાછળ પણ ત્રિપાંખિયો જંગે પાયો નાખેલ અને હવે, રાજયમાં મજબુત વિપક્ષ રીતે કોંગ્રેસની જેમ આમ આદમી પાર્ટી પણ આગળ વધી રહી છે.

વધુમાં જણાવે છે કે, ગત વિધાનસભાની ચૂંટણીમાં જેવી રીતે આમ આદમી પાર્ટી મેદાનમાં ઉતરતાં

અનુસંધાન પાના ૬ ઉપર

### માર્ગ–મકાન વિભાગ ધ્યાન આપે

## જાફરાબાદથી રાજુલા માર્ગ અતિ બિસ્માર બનતા વાહન ચાલકો પરેશાન

**કોઈની અમુલ્ય જીંદગી છીનવાઈ તે પહેલા કાર્યવાહી જરૂરી**

અમરેલી, તા. ૧૦

જાફરાબાદ રાજુલા રોડ ઉપર મસમોટા ખાડાઓના લીધે કોઈ જોખમી અકસ્માત સર્જાઈ તેવી ભિતી સેવાઈ રહી છે. પરંતુ માર્ગ મકાન વિભાગના ધ્યાન ઉપર ક્યારે આવશે ? રાજુલા તરફ જતા રોડ ઉપર પડેલા ખાડાઓના કારણે રાહદારીઓ ત્રાહિમામ પોકારી ઊઠયા છે. મસમોટા

અનુસંધાન પાના ૬ ઉપર



### જાગૃત નાગરિકે ટ્રસ્ટીઓને પત્ર પાઠવ્યો

## જાફરાબાદ : કપોળ મહાજન ટ્રસ્ટે ભાડે આપેલ દુકાનોના રવેશ જર્જરિત હાલતમાં

**રવેશની મરામત કરાવવાની માંગ કરાઈ**



જાફરાબાદ, તા.૧૦

જાફરાબાદનાં જાગૃત નાગરિક કશ્યપ પુરોહિતે કપોળ મહાજન ટ્રસ્ટને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, કપોળ મહાજ ટ્રસ્ટની ભાડાપેટેની દુકાનોમાં કોમ્પલેક્ષની ઉપર રવેશ જર્જરીત હાલતમાં હોવાથી આ રવેશ દિવસ–૧૫ માં રીનોવેશન/રીપેરીંગ નહી થાય તો ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવાની આ વેપારીઓને ફરજ પડશે. અગાઉ મૌખીક રીતે તમોને જાણ કરવામાં આવેલ છતાં પણ આજદીન સુધી કોઈ પગલા લેવામાં આવેલ નથી. વેપારીઓને કોઈ પણ પ્રકારનું કામ કે ન્યાય મળેલ નથી. ચોમાસાની સીઝનમાં પાણી આ રવેશ ઉપર પણ પડે છે. પરિણામે અ રવેશ અતિ જર્જરિત થઈ ગયેલ છે. આવા સંજોગોમાં આ રવેશ સંજોગોવસાત તુટશે અને કોઈને પણ ઈજા થશે તો સંપુર્ણ જવાબદારી કપોળ મહાજનઓની અંગત રહેશે. તેમ અંતમાં જણાવેલ છે.

## સરવડા ગામમાં બે સિંહોની બિન્દાસ લટાર, સીસીટીવીમાં કેદ દ્રશ્ય વાયરલ



અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાનો દરિયાકિનારો ફરી એકવાર સિંહોની હાજરીથી ચર્ચામાં આવ્યો છે. જાફરાબાદના સરવડા ગામમાં

અનુસંધાન પાના ૬ ઉપર

### આડકતરી રીતે સમર્થન કરતા હોય તેમ

## લાઠીનાં ધારાસભ્ય જનક તળાવીયાએ અલ્પેશ કથીરીયાનો વીડિયો રીપોસ્ટ કર્યો

**જિલ્લાનાં પાટીદાર સમાજમાં ચકચાર**



અમરેલી, તા. ૧૦

સોશિયલ મીડિયા પર એક પોસ્ટને લઈને લાઠીના ભાજપના ધારાસભ્ય જનક તળાવિયા ફરી ચર્ચાના કેન્દ્રમાં આવ્યા છે. ધારાસભ્ય

અનુસંધાન પાના ૬ ઉપર

### સરકારની પી.એસ.એસ. યોજના હેઠળ

## સાવરકુંડલા કેન્દ્ર પરથી ટેકાના ભાવે મગફળી ખરીદીનો પ્રારંભ

**ધારાસભ્ય કસવાલા, ચેરમેન માલાણી ઉપસ્થિત રહ્યા**



સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલા : સરકારશ્રીની પી.એસ.એસ. યોજના હેઠળ ટેકાના ભાવથી મગફળી, મગ, અડદ, ચણા, તુવેર, સેથાબિન વિ. ની ખરીદી કરવામાં આવે છે. તે મુજબ ટેકાના ભાવથી મગફળી ખરીદવાનું સરકાર દવારા નક્કી કરવામાં આવતા તે માટે

અનુસંધાન પાના ૬ ઉપર

### તળાજાનાં દાઠા ગામનાં ઈસમનું કારસ્તાન

## રાજુલામાં રહેતા પ્રૌઢ ડ્રાઈવરની દીકરીને નોકરીની લાલચ આપી ૧૪.૯૦ લાખની છેતરપીંડી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧૦

રાજુલાના ભેરાઈ રોડ ઉપર આવેલ હોટલ રેજન્સીની બાજુમાં રહેતા બાલુભાઈ માલજીભાઈ ગોહીલ નામના ૪૫ વર્ષિય ડ્રાઈવરની દીકરી દર્શનાબેનને સ્ટાફ નર્સની નોકરી અપાવવા માટે મહુવા તાલુકાના કાટીકડા ગામે રહેતા આરોપી અશોકભાઈ મકવાણાના કહેવાથી તળાજા તાલુકાના દાઠા ગામે રહેતા આરોપી શૈલેષભાઈ વિનુભાઈ શિયાળે ડ્રાઈવરને વિસમાં લઈ ડ્રાઈવરની દીકરીને સ્ટાફ નર્સની નોકરી અપાવવાની લાલચ આપી ડ્રાઈવર પાસેથી રૂપિયા પડાવી લઈ તથા તળાજા

અનુસંધાન પાના ૬ ઉપર





વેચવાનું છે... વેચવાનું છે... વેચવાનું છે...
ફર્નિચર... શૂટ... શેરવાની..
★ કાચના ટોપવાળા કાઉન્ટર-૨,
★ કાચના સેલ્ફવાળા ઘોડા-૨ ★ કાઉન્ટર થડા માટેના ટેબલ-૨
★ શૂટ-શેરવાની પેર-૫૦ ઉપરોક્ત તમામ વસ્તુઓ વ્યાજબી ભાવથી વેચવાની છે..
મહેતા કોમ્પ્યુટર
બાલાજી કોમ્પ્લેક્ષ, I.C.I.C બેંક પાસે, ભાવનગર રોડ, મુ.બાબરા, જિ.અમરેલી
મો.94275 55038 / 79842 11477

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,10,300/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૦/૧૧/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬





*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)